ओं

नूतन सत्ययुग दर्शनम्

भजनो गजलोथी भरपुर ज्ञान बोधनो सुन्दर सूर.

सम्पादक :

सनातन धर्मगुरु श्री हरेराम ब्रह्मर्षि महाराज



प्रकाशक :

ब्रह्मनिष्ठ, योगेन्द्र बालब्रह्मचारी

श्री गुरुदेव हरेराम ब्रह्मर्षि महाराज.

ऋषिआश्रम, ब्रह्मपोट, पंडितजीनी पोळ,

सारंगपुर-अमदावाद.

आवृत्ति बारमी —— सने १९४०

मूल्यं ०-३-०

सुप्रसिद्ध समर्थ विद्वानोना अभिप्राय

શ્રીમાન પંડિત સ્વામી રાજનારાયણ ષટ્શાસ્ત્રી,

આચાર્ય-ભક્તિ યોગાશ્રમ, ફાજિલ પંજાબ ચેતાવની કર્તા લખે છેઃ—

શ્રી હરેરામ બ્રહ્મર્ષિ ઋષિઆશ્રમ, સારંગપુર, અમદાવાદ કે **“સત્યયુગ દર્શનમ્”** આપને ચેતવાની અનુસાર ચલને પર જોર દિયા હૈ, ઔર અપની ઓરસે જો કુછ લિખા હૈ વહ સબભી સત્ય હૈ. હમ બ્રહ્મર્ષિજીકે ઇસ અમૂલ્ય કાર્યસે બહુત પ્રસન્ન હૈ.

શ્રીમાન પંડિત રામચન્દ્રજી શર્મા શાસ્ત્રી

માજી, અધ્યાપક મહારાજા સંસ્કૃત કોલેજ.

મહારાજા સવાઇ જૈપુર લખે છેઃ—

ચેતાવની-સત્યયુગ દર્શનમ્ મેં યુગોકા હિસાબ દિયા હૈ વહ શાસ્ત્રોં કે પ્રમાણોંસે ઠીક હૈ કલિયુગ ૪૮૦૦ વર્ષોંકા હોતા હૈ યહ વર્તમાન કલિયુગ સંવત ૨૦૦૦ વિક્રમી મેં સમાપ્ત હોકર સત્યયુગ આ જાવેગા.

આશા હૈ કિ આપકે પરિશ્રમસે સબલોગ બડા લાભ ઉઠાવેંગે.

તા. ૧૨ માર્ચ સન ૧૯૩૯.

મહામહોપાધ્યાય વિદ્યાવાચસ્પતિ **પંડિત મધુસૂદનજી શર્મા ઓઝા,**

પ્રસિદ્ધ રાજપંડિત.

દરબાર જૈપુર લખે છેઃ—

ચેતાવની દેખનેસે પ્રતીત હોતા હૈ કિ પંડિતજીને ખોજ કરનેમેં બડાહી પરિશ્રમ ઉઠાયા હૈ ઔર યુક્તિયોંભી ઉચ્ચ કોટીકી દી હૈ.

ओं

દિવ્ય જીવન સભા, મુલુંડ.

ગોકુલરોડ, મુલુંડ, (જી. આઇ પી.)

ધર્મધુરંધર શ્રી. હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ !

આપના પ્રસિદ્ધ કરેલા પુસ્તકોમાંથી કેટલાક મારા વાંચવામાં આવ્યા છે.

મને હર્ષ થાય છે કે આ કરાલ કલિકાલમાં સનાતન ધર્મ સંસ્થાપક વાંગમયનો પ્રચાર કરી આપ સત્ય ધર્મનો ઉપદેશ કરો છો. આગામી કલ્કિભગવાનનાં ચરિત્ર વિષેનો કાલ નિર્ણય તથા સત્યયુગના આરંભ વિષે આપનાં રહસ્યોદ્ઘાટન ઘણાં જ આકર્ષક તથા સમાધાન કારક છે. અનેક સંપ્રદાય તથા મતભેદનાં તોફાનથી ધાર્મિક પ્રજાનો ઉદ્ધાર કરવા ઓંકાર પ્રણવ બ્રહ્મનો ઉપદેશ ખરેખર મનુષ્ય જાતિને આશીર્વાદ રૂપ છે.

પરમાત્મા આપના ધર્મ પ્રચાર કાર્યમાં સુયશ આપી આપને દીર્ઘાયુષ્ય અર્પે એજ પ્રાર્થના.

લી. સેવક,

વૈદ્ય ઈશ્વરલાલ ધીરજરામ

સદુપદેશક તથા મંત્રી

દિવ્ય જીવન સભા, મુલુંડ.

पंडित प्रचंडनाथ भयंकर, और बाबू ठाकुरप्रसाद गुप्त
बुकसेलर, कचोडी गली, बनारस सिटी.

काशीनो सन्देश

"कल्कि अवतार होगया शंभलपुरमें" कलियुगकी समाप्ति और सत्ययुगका आरंभ." जूठा साबित करने पर शास्त्रार्थका चैलेंज और २५) पचीस रूपीया इनाम.

શ્રી. પંડિત વાચસ્પતિ શર્મા બદ્રિકાશ્રમનિવાસી, રાજ્ય જ્યોતિષી દરભાંગાથી લખે છે:—

શ્રીમદ્‌ભાગવતમાં પ્રમાણ છે કે:–જ્યારે સૂર્ય, ચંદ્ર અને બૃહસ્પતિ કર્કરાશીમાં એક સાથે પુષ્ય નક્ષત્રમાં આવે ત્યારે સત્યયુગ આવે છે. વિચાર કરતાં એ યોગ આવ્યો છે.

જેથી નક્કી યુગક્ષય થવાનો છે.

ઇ. સ. ૧૯૪૩ ઓગષ્ટમાં ભગવાન કલ્કિ પ્રત્યક્ષરૂપથી બંગાલમાં પ્રગટ થશે.

શ્રીમાન કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

મુંબઇ, હાઇકોર્ટ, સ્મોલકોઝ કોર્ટના માજી
વડા જજ સાહેબ ! મું. ભરૂચ

શ્રીમાન બ્રહ્મર્ષિ વર્ય !

આ સંગ્રહનો ઉદ્દેશ ઉપદેશક અને ઉત્તેજક છે. અને તે એવી સારી રીતે કરવામાં આવ્યો છે કે વાંચનારને પુસ્તક હાથમાં લેવાથી લાભ થાય છે. અને સમયનો સારી રીતે ઉપયોગ કરી શકાય.

અમદાવાદના ડીસ્ટ્રીક જજ્જ સાહેબ,

શ્રીમાન રામચંદ્ર મહાદેવ ભીસે

નડીઆદ, તા. ૨૨ મી જુલાઇ ૧૯૩૭.

અમદાવાદ સારંગપુર પંડિતજીની પોળ, ઋષિઆશ્રમનિવાસી

શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ!

તેઓએ સુજનતાથી તેમનાં હિન્દુ તત્વજ્ઞાન સંબંધી પુસ્તકો મારા હાથમાં મુક્યાં હતાં. તે પૈકીના જે જે ભાગો મેં વાંચ્યા છે તેથી મારા ઉપર તેમની ગહન વિદ્વત્તા, જોસદાર અને સાદી વાણી, અને તેમની વિષયને રજુ કરવાની પદ્ધતિથી ઉંચી છાપ પડી છે. ધર્મની પડતીના આ દિવસોમાં આ દિશામાં થયેલો પ્રયત્ન આપણા અનુપમ પ્રાચીન તત્વજ્ઞાનને જીવંત બનાવવા, અને મનુષ્યોને સિધા નીતિના રસ્તે રાખવા માટે આવકાર દાયક છે. હું બ્રહ્મર્ષિને તેમના આ પ્રયત્નમાં પુરેપુરી સફળતા મળે તેમ ઇચ્છું છું.

શ્રીમાન રામપ્રસાદ શિવશંકર વ્યાસ

રેસીડન્ટ ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટ સાહેબ,

કલ્યાણ—જીલ્લે થાણા.

અમદાવાદ, તા. ૫–૫–૩૭.

સનાતન ધર્મગુરુ શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ!

આપશ્રીનાં બનાવેલાં પુસ્તકો વાંચ્યાં છેઃ—

આ પુસ્તકો ચાતુર્વર્ણ્ય પ્રજાને ઘણાં ઉપયોગી થઇ પડે એવાં છે. અને હાલના સમાજ ઉપર નવો પ્રકાશ પાડે છે.

દરેક સનાતન ધર્મપ્રેમી સજ્જને આ પુસ્તકો અવશ્ય વાંચવાં જોઇએ.

૬

શ્રીમાન આર. બી. આથવલે પ્રોફેસર સાહેબ,
પ્રોફેસર ઓફ સંસ્કૃત એસ. એલ. ડી. કોલેજ,
અમદાવાદ.

અમદાવાદ નિવાસી શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ !

તેઓશ્રીનાં ધાર્મિક પુસ્તકોની માળા વાંચી મને ઘણોજ આનંદ થયો છે. તે પુસ્તકો ઘરગથ્થુ છતાં જોસદાર વાણીમાં લખાયાં છે, અને તે ધાર્મિક બાબતોમાં લેખકની ગહન વિદ્દવત્તા દર્શાવે છે. મને વિશ્વાસ છે કે હિન્દુધર્મના પ્રેમીઓ આ પુસ્તકો વાંચીને ઘણોજ લાભ ઉઠાવી શકશે.

શ્રીમાન સદ્દગત, ભારતમાર્તંડ, વિદ્યાવાચસ્પતિ,
મહામહોપાધ્યાય હાથીભાઇ શાસ્ત્રી !
જામનગર.

શ્રીમાન બ્રહ્મર્ષિજી !

વર્તમાનકાળમાં અવૈદિક પંથોમાં ચાલતા અંધકારથી લોકોને ઉગારવાનો આપનો યત્ન પરં સ્તુત્ય છે.

શ્રીમાન સદ્દગત મહામહોપાધ્યાય શીઘ્રકવિ શંકરલાલ શાસ્ત્રી!
મોરબી.

શ્રીમાન બ્રહ્મર્ષિવર્ય !

ઉત્તમમાં ઉત્તમ ઉપદેશક નીતિદર્શક ઇશ્વર ભક્તિવર્ધક અને સન્માર્ગદર્શક સાહિત્ય, લોકોની દ્રષ્ટિ સન્મુખ મુકવું એજ ઉત્તમોત્તમ ઉપાય છે. અને તે પ્રમાણે કરી આપે અતિ ઉત્તમ લોકસેવા બજાવી છે. ઇશ્વર તે સત્કૃત્યનું ફળ આપને આપો.

મહોપાધ્યાય, સનાતનધર્મ માર્તંડ, ધર્મશાસ્ત્ર આચાર્ય,
બહુવિદ્યાવાગીશ, તર્કાલંકાર, પ્રભુતિઃ—
શ્રીમાન આર, એમ, શાસ્ત્રી.
અધ્યાપક-ડી. એલ. સં૦ પાઠશાલા, ગુલાલવાડી
મુંબઇ. ૪

આનંદસ્વરૂપ સનાતન ધર્મગુરુ—
શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ !

સાદર વંદનમ્

આપે સપ્રમાણુ સનાતન ધર્મની જે અતિ અદ્‌ભૂત સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય સેવા કરી છે તે ચિરકાલ સ્મરણીય રહેશે. આપનું અયાચિત ઋષિજીવન ખરેજ ધન્યવાદાર્હ છે. આપનો જય હો.

आभार दर्शन

વૈદિક સનાતન બ્રાહ્મણુ ધર્મ પુસ્તકાલય અને વેદશાળાના મંત્રીમહાશય વિજયશંકર ડાહ્યાશંકર ત્રિપાઠી વિરમગામથી લખે છેઃ—

પરં સમ્માનનિય સનાતન ધર્મગુરૂ
શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજની પવિત્ર સેવામાં.
અમદાવાદ

આપે સનાતન ધર્મની સેવાઓમાં જિન્દગી અર્પણુ કરેલી છે. આપના ઋષિઆશ્રમમાં શિષ્ટાચાર પૂર્વક બ્રહ્મચારીઓનું પાલન પોષણુ થાય છે. આપ સનાતન ધર્મ પ્રચારક બ્રહ્મર્ષિ ગ્રન્થમાલા પ્રસિદ્ધ કરી અનેક સંસ્થાઓને છાત્રોને દાન પ્રદાન કરો છો. જેથી આપનો પૂર્ણું આભાર માનવામાં આવે છે.

ધન્યવાદ

"શ્રી મારવાડ પ્રાન્તીય સનાતનધર્મ પ્રતિનિધિ સભા" પ્રધાન કાર્યાલય.

જોધપુરના મહોપદેશક પંડિત શંકરલાલ ત્રિવેદી!

મુ. છાછરો, જીલ્લે થરપારકર, સિન્ધ.

શ્રીમાન સનાતન ધર્મગુરુ બ્રહ્મર્ષિ મહારાજ!

આપશ્રીનાં રચેલાં પુસ્તકો "**સત્ય સનાતનધર્મ**" ના **ઉદ્ધાર માટે સંજીવનબુટ્ટી છે.** વેદવિરોધી પાખંડી જંબુક માટે **કેસરીસિંહ સમાન છે.**

આપના પુરૂષાર્થનો મહિમા અકથનીય છે તે માટે આપને **ધન્યવાદ છે.**

नूतन सत्ययुग दर्शन सूचन

સત્યપ્રેમી ગ્રાહકોને સૂચના

ગ્રાહકોએ દરેક પ્રતે પોષ્ટની ચાર આનાની ટીકીટ કવરમાં બીડવી ઘેર બેઠે બુક પોષ્ટથી રવાના થશે. અગાઉથી મનીઓડરથી રૂપીઆ મોકલનારને બુક પોષ્ટથી અથવા રેલ્વેથી મોકલાશે.

'**નૂતન સત્યયુગ દર્શન**' કદમાં થએલો વધારો, તથા કાગળની ઘણીજ મોંઘવારી હોવા છતાં, ધર્મ અને સત્યના પ્રચાર માટે કીંમત ઘણીજ ઓછી રાખી છે. વહેપારીઓને સાડાબાર ટકા મળશે.

બારપ્રતથી વધુ મંગાવનારને વી. પી. થશે. જવાબ માટે ટીકીટ બીડવી. સ્ટેશન, પોષ્ટ, મુ. નામ સાચું અને શુદ્ધ શબ્દોમાં લખવું.

બ્રહ્મચારી દિવ્ય દર્શન

બ્રહ્મનિષ્ઠ યોગેન્દ્ર બાલબ્રહ્મચારી ગુરુદેવ બ્રહ્મર્ષિ લખે છેઃ—

પૂજ્યપાદ પિતાશ્રી સનાતન ધર્મગુરુ

બ્રહ્મર્ષિ મહારાજ સદ્‌ગુરુદેવ !

સપ્રેમ સાદર ઓં સહસ્ત્ર વંદન સહ સેવામાં સવિનય નિવેદન—

આપશ્રીના બ્રહ્મર્ષિ ગ્રન્થમાલાના ૧૨૬ પ્રસિદ્ધ થએલા ગ્રન્થોનું સાદ્યન્ત મનન કરતાં મ્હને અપાર આનંદ થાય છે. ભારતવર્ષની જનતાના આપ અદ્વિતીય મહોપદેશક માર્તંડ છો.

મહાદેવમૂર્તિ આપ મુમુક્ષુઓના મંગલસ્વરૂપ છો.

આપનું જ્ઞાન સમુદ્રમંથન જનીત રત્નસંધદર્શન જેવું છે.

પ્રેરક, પ્રકાશક, સન્માર્ગદર્શક, સત્યનું જ્ઞાન-ભાન વર્ધક છે.

આ ઘોર કલિના છેલ્લા દિવસોમાં માનવ જગતને અમૃતસમાન રક્ષક છે, કર્તવ્ય સૂચક બોધક છે.

અજ્ઞાનવશ, ભાવિવિવશ, દુનિયાં ન માને! યા માને!! પણ દિવ્યદષ્ટિ અનુભવ અને શાસ્ત્રસિદ્ધ કલિ સંપૂર્ણ છે. અને સત્યયુગ આવે છે!! સપ્રેમ જગપ્રસિદ્ધ કરો.

॥ આપનો સર્વત્ર સદા વિજય હો. જય હો ઓં ॥

ભવદીય

ચી૦ બ્રહ્મનિષ્ઠ યોગેન્દ્ર બાલબ્રહ્મચારી

શ્રી ગુરુદેવ હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ

બ્રહ્મપીઠ, ઋષિઆશ્રમ

પંડિતજીની પોળ, સારંગપુર—અમદાવાદ.

ओं

पञ्जाब से शास्त्रार्थ का चैलेंज ! ! !

संवत २००० में कलियुग समाप्त होकर

सत्ययुग आ रहा है ! ! !

प्रतिवादि भयङ्कर महाकवि परमहंस १०८
श्री सद्गत स्वामी पंडित राजनारायणजी—
षट्शास्त्री, ज्योतिषभूषण, आचार्य, 'चेतावनी' के रचयिता.
भक्तियोगाश्रम, फाजिलका जिला, फिरोजपूर (पञ्जाब)

दिव्य गर्जना ! दुनियां सावधान हो ! ! !

राजाओं महाराजाओं और अन्य हिन्द रईसोका कर्तव्य है कि वह अपने और जनताके सामने कलियुग की समाप्ति से इनकार करनेवाले पंडितों से मेरा शास्त्रार्थ करायें, इस प्रकार सत्यासत्यका निर्णय हो जायेगा और यथार्थ बात जानकर जनता शीघ्र आनेवाले सत्ययुग तक पहुँचनेकी तैयारी करसकेगी.

आचार्य महोदयका विजयडंका !

सूचना पहेले से मिलनी चाहिये.

में हर जगह बुलाने पर शास्त्रार्थ करने के लिये आसक्ता हूँ, में पुनः पुनः घोषणा करता हूँ कलि समाप्त होकर सत्ययुग आरहा है ! ! ! कुछ भी ब्राह्मणत्व है, तो वह शास्त्रार्थ करके निर्णय करलें.

काशी, देहली, दरभंगा, लाहोर, जयपुर, इटाला, अंबाला, कानपुर, मिरजापुर, मुजफरपुर, सहारनपुर, कुराली, प्रभृति अनेक प्रदेशके प्रखर पंडितगण इस विषयमें परास्त हो चूके हैं.

अब जनताको धोकेमें नहीं रहने दिया जायगा.

मैं संवत १९८१ से लिख रहा हूं कि युगो का हिसाब जो पंडितोंने पञ्चाङ्गोंमें दे रखा है, वह सारा गलत है। कलियुग ४ लाख ३२ हजार वर्षोंका नहीं किन्तु केवल ४८०० वर्षोंका है, जो श्रावण अमावास्या संवत २००० विक्रम में समाप्त होने वाला है. और श्री कल्कि भगवान संवत १९८१ में अवतार ले चुके है वह संवत १९९९ वैशाखमें प्रकट हों जायँगे ! ! !

ॐ

अभिनन्दन पत्रम्

॥ ॐ विश्वानिदेवसवितर्दुरितानि परासुव ।
यद्भद्रं तन्नआसुव ॥१॥

પૂજ્ય મહાનુભાવ!

પરમ માનનીય સનાતન ધર્મોપદેશક, સૌજન્યાદિ
અનેક ગુણાલંકૃત

શ્રીમાન સનાતન ધર્મગુરુ
શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ!

અમદાવાદ અને સ્તમ્ભતીર્થ ખંભાતનિવાસી.

આપના પરોપકારમય ધાર્મિક જીવન, સુચારિત્ર અને જ્ઞાનોપદેશથી આકર્ષાઇને, આપે કરેલી સનાતન ધર્મની અનેકવિધ સેવાઓ બદલ આ અભિનન્દન પત્ર આપવા અમો પ્રેરાયા છીએ.

આપે મુંબઈમાં માધવબાગના વૈકુંઠપુરીસમ ધાર્મિક સ્થલમાં આ વર્ષે અષાડ માસમાં પધારી લાગલાગટ એક માસ સુધી ધર્મના અનેકવિધ શાસ્ત્રીય અને વ્યવહારૂ ઉપદેશોને સરલ ભાષામાં સમજાવી હજારો ધાર્મિક, શ્રદ્ધાળુ સ્ત્રીપુરૂષોને સત્યબોધ આપ્યો છે તેથી ઉપકૃત થયા છીએ.

૧ વર્તમાન ધર્મ વિદ્રોહના સંકીર્ણ સમયમાં ધાર્મિક પ્રજાને

અને સનાતન ધર્મપ્રહાર કરનારાઓને ઉપદેશોદ્વારા શ્રુતિ સ્મૃતિ, પુરાણ, ઇતિહાસાદિના પ્રમાણો દ્રષ્ટાન્તોથી સમજાવી, આપે સાચો માર્ગ બતાવ્યો છે. અત્યારે આપ જેવા સનાતન ધર્મના ઉપદેશકોની જરૂર છે.

સનાતન ધર્મમાં વર્ણ, આશ્રમ, શ્રાદ્ધ, તર્પણ, સદાચાર, યજ્ઞ, દાન, તપ. અવતાર, ધર્મ, નીતિ, કર્મ, ભક્તિ, જ્ઞાન, ભજન, મૂર્તિપુજા વગેરેના શું શું રહસ્યો છે તે આપ સુગમ્ય રીતે સમજાવો છો. તેથી હજારો સ્ત્રીપુરૂષો તેનો લાભ લે છે. આપના ઉપદેશોમાં સ્ત્રીઓની શક્તિઓ, શાસ્ત્રમાં તેમનું ઉચ્ચસ્થાન, અધિકાર, અને કર્તવ્ય વગેરેને શાસ્ત્રના આધારો તથા દ્રષ્ટાન્તોથી સમજાવી સ્ત્રીવર્ગનું આપણા સમાજમાં ઉંચુ સ્થાન તથા મહત્વ સમજાવ્યું છે.

આપે ગુજરાતના અનેક ગામો અને શહેરોમાં ઉપદેશાર્થ વિચરીને અને ઘણા ધાર્મિક પુસ્તકો લખીને સનાતન ધર્મની ઘણી સારી સેવા કરી છે, આપે અનેકાનેક વૈદિક યજ્ઞો કરી આપનું જીવન કૃતાર્થ કર્યું છે. આપશ્રીએ ધાર્મિક જીવોને અમુલ્ય ઉપદેશ તથા બોધ અને લાભ આપ્યો છે. જેનો બદલો આપશ્રીને બીજી કોઇ રીતે આપી શકાય એમ નથી. તેમ છતાં અમારી હૃદયની ભાવભીની લાગણી વ્યક્ત કરવા એક અલ્પ પ્રયાસ તરીકે આ અભિનન્દન પત્ર આપશ્રીને અર્પણ કરીને અમો સંતોષ માની કૃતાર્થ થઇશું જેને આપશ્રી સ્વીકારી અમોને ઉપકૃત કરશો. તા. ૩૦–૭–૩૮.

મુ. માધવબાગ–મુંબઇ, સં. ૧૯૯૪ ના શ્રાવણ સુદી ૪ શનિવાર

હિન્દુ ધર્મભૂષણ વિદ્યારત્ન, શ્રી ૧૦૮ સ્વામી પુર્ણાશ્રમજી કાશી મુનીજી ખડેસરી રામદાસજી બિહાર.

ધર્મશાસ્ત્ર આચાર્ય, સનાતનધર્મ માર્તંડ, શ્રી. શાસ્ત્રી રેવાશંકર મેઘજી, મુંબઈ.
શ્રી. શેઠ લચ્છીરામ ચુડીવાલા,

શ્રી. શેઠ રામનારાયણ પોદ્દાર
આશુતોષ ભટ્ટાચાર્યજી ન્યાયશાસ્ત્રી
કાશી.

મહંત સીતારામદાસ શાસ્ત્રી
નાસિક પંચવટી.

શ્રી. શેઠ મનોરદાસ ત્રિભોવનદાસ
માધવબાગના માલિક અને ટ્રસ્ટી

શ્રી. શેઠ ધરમદાસ ત્રિભોવનદાસ

શ્રી. શેઠ વિઠ્ઠલદાસ દ્વારકાદાસ
માધવબાગના સેક્રેટરી

શ્રી. શેઠ મનુભાઇ ચંદ્રવિદ્યાનંદ
સોલીસીટર.

શ્રી. શેઠ ગિરીજાશંકર બાપુજી
પંડ્યા, સોલીસીટર.

શ્રી. શેઠ જમનાદાસ હરખજી
સંઘવી, જે. પી.

શ્રી. શેઠ દેવીદાસ દ્વારકાદાસ

શ્રી. શેઠ વિઠ્ઠલદાસ હરિદાસ
મરચન્ટ

શ્રી. શેઠ નારાયણદાસ ગોવર્ધન-
દાસ મીઠાઇવાલા.

શ્રી. શેઠ હરિલાલ વિઠ્ઠલદાસ બંગાલી

શ્રી. શેઠ માણેકલાલ નાનાભાઇ
મોતીવાલા.

શ્રી. શેઠ સારાભાઇ ઉતમરામ
વકીલ.


શ્રી. શેઠ માધવજી શ્યામજી
મંડેરવાલા.

એવં ખંભાત, અમદાવાદ, પાટણ, ગુજરાત ચરોત્તર પ્રદેશ સર્વ,
વડોદરા પ્રાન્ત સાવલી, અલીન્દ્રા, ખેડા પ્રાન્ત નર્મદા, ચાંદોદ
કાનમ પ્રદેશ કારવણ, વાકળ દેશ, અનેકાનેક દેશપ્રદેશની
શિષ્યો, ભક્તો, પ્રેમીમંડળ, મહાસંઘો, સજ્જન
મહાસભાઓ, અનેક વિવેકી વિદ્વાનો,
સંતો, મહંતો.

ओं

नूतन सत्ययुग दर्शनम्

बारमी आवृत्ति विषय सूची अनुक्रम



सनातन धर्म गुरु श्री हरेराम ब्रह्मर्षि महाराज.

"नूतन सत्ययुग दर्शन"ना सम्पादक



जन्म संवत १९४७ वैशाख शुक्ल त्रयोदशी गुरुवार.

आदेश—सप्रेम ब्रह्मध्यान धरो ओं जपो !

ब्रह्मनिष्ठ योगेन्द्र बालब्रह्मचारी

श्री गुरुदेव हरेराम ब्रह्मर्षि महाराज

"नूतन सत्ययुग दर्शन"ना प्रकाशक



जन्म संवत १९८० आश्वीन कृष्ण चतुर्दशी चन्द्रवासरे

उपदेश ध्येय–ब्रह्मध्यान ओम्कार गान करो !

सनातन धर्म गुरु श्री हरेराम ब्रह्मर्षि महाराज.

"नूतन सत्ययुग दर्शन"ना सम्पादक



जन्म संवत १९४७ वैशाख शुक्ल त्रयोदशी गुरुवार.

आदेश—सप्रेम ब्रह्मध्यान धरो ओं जपो!

सनातन धर्मगुरु श्री हरेराम सुखराम ब्रह्मर्षि महाराज
प्रणित सनातन धर्म ग्रन्थमालामणि १२७.
अथ ओं सनातन धर्मो विजयतेतराम् ।

ओं

नूतन सत्ययुग दर्शनम्

भजनो, गजलोथी भरपूर.

सम्पादक:

सनातन धर्मगुरु श्री हरेराम ब्रह्मर्षि महाराज

प्रकाशकः
योगेन्द्र ब्रह्मचारी गुरुदेव हरेराम ब्रह्मर्षि.
ब्रह्मपीठ, ऋषिआश्रम, नं. २१६९, पंडितजीनी पोळ,
सारंगपुर-अमदावाद.

संवत १९९६. आवृत्ति ११ मी. सने १९३९

प्रत १०००

मूल्य ०-३-०

બ્રહ્મર્ષિ મહારાજ નિવેદન.

સત્યપ્રેમી સજ્જન વૃન્દ !

"ભજન ગજલોથી ભરપૂર, જ્ઞાન બોધનો સુન્દર શૂર"

નૂતન સત્યયુગ દર્શનમ્.

જન સમાજમાં જાહેર કરી હું કૃતાર્થ સૌભાગ્ય પામ્યો છું. જે જ્ઞાન, વૈરાગ બોધક, ઇશ્વરભક્તિવર્ધક, સન્માર્ગદર્શક, કર્તવ્ય-યોજક, પુણ્યપ્રેરક–સહાયક, આનંદદર્શક, અનુભવગમ્ય થયું છે.

જીવન્મુક્ત બ્રહ્મનિષ્ટ ધર્મીષ્ઠ યોગ, તપ સ્વાધ્યાય નિરત મહા-પુરુષના અંતરમાં જે ઇશ્વરી આદેશ પ્રેરાયો હોય છે. તેમાં પ્રાચીન મહર્ષિયોના અને મહાનુભાવોના અનેક પ્રમાણોથી સુસ્થિર સત્યપ્રિય સૌન્દર્ય શોભે છે. તેમાં અસહિષ્ણુ વિરલજનોના વિચિત્ર વાદને સ્થાન નથી.

સત્યયુગ દર્શનની ૧૧ મી આવૃત્તિથી પચીસહજાર પ્રતનો પ્રચાર થઇ ગયો છે, એ એની લોકપ્રિયતા, પ્રભુતા અને પ્રમાણિક માન્યતાનો અનુભવ સિદ્ધ કરે છે.

આ સત્યયુગ દર્શનનો સાર અંશ અન્ય ભક્તજનોએ અનેક લાખો પ્રત પ્રસિદ્ધ કરી પ્રચાર કર્યો છે.

રાજા, પ્રજા, સર્વનું કલ્યાણ હો ! જય હો !

બ્રહ્મર્ષિ મહારાજના આશિર્વાદ

બ્રહ્મપીઠ, ઋષિઆશ્રમ, નં. ૨૧૬૯, પંડિતજીની પોળ,

સારંગપુર–અમદાવાદ.

ओं

नूतन सत्ययुग दर्शनम्

सत्य मंगलम्.

ओं सत्यं परं धीमहि ॥

સત્યસ્વરૂપ બ્રહ્મનું અમે ધ્યાન ધરીએ છીએ.

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये।
सत्यस्य सत्यमृत सत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ॥
(भा. स्कं १० अ. २)

હે પરંબ્રહ્મ! આપ સત્ય સંકલ્પવાળા છો, સત્યવડે પ્રાપ્ત થનારા છો, ત્રણે કાળમાં સત્ય છો. સત્યના સંપાદક, પ્રેરક પ્રવર્તક અને પ્રકાશક એવા સત્ય સ્વરૂપ આપને અમે શરણે આવ્યા છીએ.

सत्येन वायुरावाति सत्येनादित्योरोचते दिवि सत्यंवाचः
प्रतिष्ठा सत्ये सर्वं प्रतिष्ठितं तस्मात्सत्यं परमं वदन्ति ॥
(ना. उ.)

સત્યવડે વાયુ વાય છે, સત્યવડે આકાશમાં સૂર્ય ઉદય થાય છે, સત્ય એ વાણીની પ્રતિષ્ટા છે, સત્યમાં સર્વ રહ્યું છે. તેથી સત્યને સર્વશ્રેષ્ઠ કહ્યું છે.

सत्यमेव जयते ॥ सत्यंवद ॥

सत्यान्न प्रमदितव्यम् ॥ (ते. उ.)

સત્યનો જ જય છે. સાચું બોલો. સત્ય પાલનથી પ્રમાદ કરવો નહિ.

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ॥ (मुं. उ.)

આ આત્મા, સત્ય, તપ, બ્રહ્મચર્ય, અને આત્મજ્ઞાન, સદા સારી રીતે પાલન કરવાથી મેળવી શકાય છે.

सत्ययुग प्रारंभ

यदा सूर्यश्च चन्द्रश्च तथा तिष्य बृहस्पति ।
एकराशौ समेष्यंतिप्रपत्स्यति तदाकृतम् ॥
(महाभारत, वनपर्व, अ. १९०)

यदा सूर्यश्च चन्द्रश्च तथा तिष्य बृहस्पति ।
एकराशौ समेष्यन्तितदाभवति तत्कृतम् ॥
(श्रीमद्भागवत स्कन्ध १२ अ. २ श्लो. २४)

જ્યારે ચન્દ્ર, સૂર્ય બૃહસ્પતિ, પુષ્યનક્ષત્ર, કર્કરાશીના એક જ ચરણમાં આવશે ત્યારે કલિયુગ પુરો થશે અને ત્યાર પછી સત્યયુગનો પ્રારંભ થશે.

મહર્ષિ વ્યાસ ભગવાને ભારત અને ભાગવતમાં ભવિષ્ય ભાખેલો યોગ ચૈત્રી સંવત ૨૦૦૦ અષાડ વદ અમાસ રવિવારે કર્કરાશીના ચોથા ચરણમાં એકજ સમયે—સૂર્ય, ચન્દ્ર, ગુરૂ, પુષ્ય નક્ષત્ર, નો યોગ અનુભવ સિદ્ધ અનુભવાય છે.

सत्ययुग चमत्कार

માનવસંહિતા ધર્મશાસ્ત્ર અધ્યાય એક પ્રમાણ:—

अरोगाः सर्वसिद्धार्थाश्चतुर्वर्ष शतायुषः ।
कृते त्रेतादिषु ह्येषा मायुर्ह्रसति पादशः ॥

સત્ય યુગમાં મનુષ્ય અને પ્રાણી માત્રને સર્વ પ્રકારના રોગ દુખ રહેશે નહિ. પ્રાણી માત્રની ઇચ્છિા સંપૂર્ણ સિદ્ધ થશે. ચારસો વર્ષનું આયુષ્ય થશે.

મનુષ્ય સ્ત્રી પુરૂષો એકવીસ હાથ ઉંચાં થશે તે પ્રમાણે વિશાળ બળવાન યુવાન સૌન્દર્યવાન થશે નેત્ર મહાન કમલ જેવડાં થશે. કાન હાથ જેવડા મોટા લાંબા પોળા થશે. પગ ત્રણ હાથ લાંબા થશે. અને વસ્ત્રો, શસ્ત્રધારો, અલંકારો, પાત્રો, નિવાસ મંદિરો સર્વ સાહિત્ય મહાન વિશાળ પ્રમાણમાં થશે. બીજાં પ્રાણીમાત્ર કલિયુગના કરતાં સર્વ ચારગણાં મોટાં થશે. કલિયુગની સૃષ્ટિમાંનું કશું જ કામ નહિ લાગે, અને કાંઇ રહેશે પણ નહિજ.

સત્ય યુગમાં દૈવી સ્વર્ગાદિ સુખ અનુભવાશે. સોનું ઘણું થશે. સોના નાણુ ચાલશે. સોનાનો મકાનમાં ઉપયોગ થશે. ઝવેરાત બહુ થશે. ગાયો ઘણી થશે. ઘાસ, જલ, ફલ ફુલથી વન જંગલો સંપૂર્ણ થશે. પિતા પહેલી પ્રજા નહિ મરે. સ્ત્રીવર્ગ સદા સૌન્દર્યમાન અને સૌભાગ્યવાન રહેશે.

યજ્ઞ, દાન, તપ, ધર્મનિષ્ઠ, બ્રહ્મજ્ઞાનનિષ્ઠ, ઓંકાર જપ કર્તા, સત્યપાલક, વિપ્રો અને સજ્જનોથી સત્યયુગ ચાલશે. જલ અમૃત રૂપ સ્વાદિષ્ટ થશે અન્ન દાણા આમળા જેવા મોટા થશે ફલ કોળા જેવાં મોટાં થશે. સત્ય યુગમાં તારા મંડલ મહા પ્રકાશવાન થશે. સર્વને દેવો રૂપિયો, સિદ્ધોના પ્રત્યક્ષ દર્શન થશે. વરસાદ ઇચ્છા

પ્રમાણે અનુકુલ થશે. એકવાર વાવે અનેકવાર લાવે, અપાર રિદ્ધિ સિદ્ધિ આનંદ અનુભવાશે.

सत्ययुग सिद्ध दर्शन

સંવત ૧૯૯૯ ના કાર્તિકથી-ગૌર વર્ણના, જટા, ભસ્મ, મૃગચર્મ ધારણ કરેલા શુકલ વસ્ત્ર અને તલવારથી શોભતા ચિંતામણિની માળા પહેરેલા સર્વત્ર વિજયી સત્યયુગના સિદ્ધ પાર્ષદો દુનિયામાં વિચરશે, બ્રહ્મનું ભજન કરનારનું રક્ષણ કરશે, સર્વ સજ્જનોની ઇચ્છાઓ પૂર્ણ કરશે.

सत्ययुग धर्म

आदौ कृतयुगे वर्णो नृणां हंस इतिस्मृतः ।
कृत कृत्याः प्रजा जात्या तस्मात्कृतयुगंविदुः ॥
वेदः प्रणव एवाग्रे धर्मोऽहं वृषरूपधृक् ।
उपासते तपोनिष्ठा हंसं मां मुक्तकिल्बिषाः ॥

(भा. सं. ११ अ. १७)

પ્રથમ સત્યયુગમાં મનુષ્યોનો હંસ નામનો એક જ વર્ણ કહ્યો છે. અને તે સમયે સર્વ મનુષ્ય જન્મથીજ કૃત કૃત્ય-કૃતાર્થ હોવાથી તેને કૃતયુગ કહે છે.

તે સમયે પ્રણવ-ઓંકાર એજ વેદ છે. વૃષરૂપ ધર્મ છે, અને સર્વ મનુષ્ય તપનિષ્ઠા ધરી બ્રહ્મ-ધ્યાન ધરે છે.

तपः परं कृतयुगे । માનવસંહિતા ધર્મશાસ્ત્ર પ્રમાણે—

સત્યયુગમાં તપનિષ્ઠા જ મુખ્ય થશે.

•

सत्ययुग साधन

સત્યયુગમાં પહોંચવાનું સાધન કરો.

મનુષ્ય માત્રનો અધિકાર છે.

સ્ત્રી, પુરૂષ, બાલક, વૃદ્ધ, રોગી ભોગી, યોગી, રાજા, પ્રજા, વન કે ઘરમાં વસતા સર્વે ઉચ્ચ નીચ માનવ જાતનો આત્મોદ્ધાર કરવાનો જન્મસિદ્ધ હક્ક છે.

વ્યસન, વિકાર, દુર્ગુણો, દુષ્ટ સંગોથી દૂર રહેજો. મન, વાણી, શરીરથી, શુદ્ધ રહેજો. સંતોષ, શાંતિ, સહનતા, વિવેક, વિચાર, વૈરાગ્ય, દયા, સંયમ પાળજો.

मानव नित्यकर्म.

બ્રહ્મ મૂહૂર્તમાં પાછલી રાતે જાગૃત થજો. આંખ, મુખ શુદ્ધ કરી ઠંડુ જલ પીઓ. નિત્ય **ૐ** નું ગાન કરો. શૌચ, દાતણ, સ્નાનં, વસ્ત્ર ધારણું, આચમન, પ્રાણાયામ, કરી પવિત્ર જલથી **ૐ** સૂર્યાયનમઃ બોલી ત્રણ ખોબા જલ સૂર્યને આકાશમાં ઉંચે ફેંકજો. સૂર્યને ૐ નમઃ બોલી ૧૬ નમસ્કાર કરજો. ૐ મંત્રની, આંખો મીંચી ૨૦૦ માલાનો જપ કરજો. મન, બુદ્ધિ સ્થિર કરી અતિ અનન્ય પ્રેમે નિરંજન જ્યોતિરૂપ એવા બ્રહ્મનું ધ્યાન ધરજો. મનમાં **ૐ** નો નિત્ય અખંડ જપ, પવિત્ર કે અપવિત્ર ગમે તે સમયમાં ચાલુજ રાખજો, તેમાં શંકા કરશો નહિ. ઇશ્વરી આદેશ અને શાસ્ત્રપ્રમાણ મેળવીને જગતકલ્યાણનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

અગ્નિમાં **ૐ સ્વાહા** બોલી ઘીની પાંચ આહુતિ આપો, સાંજ સવાર ઘરમાં ગુગલનો ધૂપ કરો. આટલું કરશો તો કલ્કિ ભગવાનનાં દર્શન કરી શકશો અને સત્ય યુગમાં પહોંચશો.

महाराजा मरु अने देवापीने कल्कि दर्शन !

પ્રમાણુ કલ્કિપુરાણુ અંશ ત્રણુ, અધ્યાય ચારઃ—

ભગવાન કલ્કિજીને મરુમહારાજા મળશે. સૂર્યવંશની વાત કહેશે; અને ભગવાન **રામચન્દ્રજી**ના કુળના અઠ્ઠાવીસમા પુરુષ શીઘ્રનો પુત્ર હું મરુ છું. આજ સુધી હિમાલયની દક્ષિણુ બાજુમાં કલાપ ગ્રામમાં મહર્ષિ ગુરુરાજ યાજ્ઞવલ્કય બ્રહ્મર્ષિની પાસે યોગ સાધન, તપ કરતો હતો.

સત્યવતીના પુત્ર વ્યાસજીથી આપના અવતારની વાત સાંભળી એક લાખ વર્ષ સુધી આપની ઇચ્છા કરી આપની પાસે આવ્યો છું.

(એક લાખ વર્ષ તે સૂર્યવત્સર એટલે દિવસ જેનાં વર્ષ ગણતાં બસોસીત્તોતેર વર્ષ નવ માસ અને દસ દિવસ થાય છે.)

આપ પરમાત્મા છો ! આપની પાસે આવવાથી કોટી જન્મના પાપ-પુંજનો નાશ થાય છે.

ધર્મની વૃદ્ધિ થઇ સર્વ કામના સંપૂર્ણ થાય છે. એજ, **મરુ કાલ્કયોગ** સંવત ૧૯૯૯ માં સિદ્ધ થાય છે.

કલ્કિપુરાણુ અનુભાગવત, અને મહાપુરાણુ ભાગવત સ્કંધ ૧૨, અધ્યાય ૨ પ્રમાણુઃ—

સૂર્યવંશી ભગવાન **રામ**ના અઠ્ઠાવીસમા પુરૂષ મહારાજા શીઘ્ર છે, અને તેમના પુત્ર મરુ મહારાજા ઓગણત્રીસમા છે. તે કલ્કિ ભગવાનનાં દર્શન કરશે. કલ્કિજી મરુમહારાજાને સૂર્યવંશી રાજગાદી ઉપર અયોધ્યામાં સ્થાપન કરશે.

સાથે દર્શને આવેલા ચન્દ્રવંશી દેવાપી મહારાજાને દીલ્હી હસ્તિનાપુરની ગાદી ઉપર સ્થાપન કરશે. અને ભગવાન કલ્કિજી મથુરામાં બિરાજશે, અને તે બે ઉપર કૃપાદૃષ્ટિ ધરશે. કલ્કિજીની સાર્વભૌમ ચક્રવર્તી આણુ વર્તાશે.

મંગોલીયા શમ્ભલ ગ્રામ વર્ણન !!!

ગોબી મંગોલીયા રેતીના રણુ મેદાન પ્રદેશમાં

એશીયાનો નકશો જુઓ, સાત જોજન અઠાવીસ ગાઉમાં વિસ્તારવાળું ચિન દેશની ઉત્તરે છે. જેની પૂર્વે કોરીયા છે. પૂર્વ ઉત્તરમાં મનચોરીયા છે. જેની નીચે ખાડીલીયા ઉટંગ છે. મહાન રેતીનું મેદાન છે. ભારે રેતીના પહાડ ઢગલા ઉડે છે. ત્યાં બહારનું કોઇ મનુષ્ય પ્રાણી જઇ શકતું નથી. ત્યાં અનેક પહાડ વીસ ગાઉ સુધી વધેલા છે. નીચે પહાડો, વચ્ચે મોટી ઘાંટીઓ સમુદ્ર સુધી પહોંચી છે. અને એ બધો શમ્ભલનો પ્રદેશ છે.

ડૉકટર એની બિસેન્ટે એ વિષય ઉપર વિસ્તારથી લખ્યું છે. અને સને ૧૮૯૯ માં સ્વીડનના રહીશ અંગ્રેજ સરસૌન હેડીનનું શમ્ભલગ્રામ વિષે પ્રતક્ષ્ય અનુભવેલું ને તે લખી છાપેલું અંગ્રેજી પુસ્તક મલે છે, વ્યાંચી લ્યો !!! આ અંગ્રેજ શમ્ભલ ગ્રામમાં ગયા હતા, તેના સાથીઓ ત્યાંના રેતીના તોફાનમાં ડટાઇ મુઆ, એક પાછો આવ્યો તેણે વિશેષ લખ્યું છે.

બ્રહ્માના પુત્ર સનક, સનન્દન, સનાતન, સનત્કુમાર, મનુ, દેવાપી, મરૂ, ભૃગુ, પ્રભૃત્તિ વિગેરે અનેક મહર્ષિ સમુહ ત્યાં વસે છે. સાતમે વર્ષે મહર્ષિઓની મહાસભામાં સનત્કુમાર ઉપદેશ આપે છે.

તે શમ્ભલમાં તપસ્વી વિષ્ણુયશજી પિતા, અને સુમતિદેવી માતાથી સં. ૧૯૮૧ ના વૈશાખ સુદ બીજે કલ્કિજીનો જન્મ થયો છે.

બ્રહ્માની આજ્ઞાથી પરસુરામજી મહેન્દ્ર પર્વત ઉપર પોતાના આશ્રમમાં માતપિતા સહ કલ્કિજીને લેઇ ગયા છે. જ્યાં મનુષ્ય વગેરેની ગતિ પહોંચી શક્તિ નથી.

કલ્કિજી સં. ૧૯૯૯ વૈશાખ સુદ બીજે પૃથ્વીપર પધારશે.

भगवान कल्कि कीर्तन

કલ્કિરૂપ જન્મ હરિ પાયો ॥ટેક॥

પંડિત વિષ્ણુદત્ત કે ઘરમેં સ્વયં આપ પ્રકટાયો ॥
આવન કે લિયે બાટ તકતથે, ભક્તન માન બઢાયો ॥
ધર્મ કર્મ હુએ નાશ જગતસે, અધિક પાપ અબ છાયો ॥
સંવત દો હજાર વિક્રમમેં કલિઅંત સમય આયો ॥
અષાડ કૃષ્ણ અમાવશ કે દિન ફિર યુગ પલટા આયો ॥
ગોવિંદજી દર્શન દેકર, સ્વયં મુઝે બતલાયો ॥
કેવલ વહી જન સુખમેં રહિયેં, જિન હરિ પ્રેમ લગાયો ॥
સત્યયુગ પુનિ વ્યાપે જગમાંહી, ધર્મરૂપ ફિર છાયો ॥
જાગો જાગો દુનિયાં વાલો, કાહે જન્મ ગંવાયો ॥
નારાયણને ભક્ત જનન કો, શુભ સમાચાર સુનાયો ॥

[૨]

નિસદિન ગોવિન્દ કે ગુણ ગાના ॥ટેક॥


ગોવિન્દ રૂપકા ધ્યાન લગાકર, ગોવીન્દ હી બનજાના ॥
હરિભક્તિ કલિયુગકા ધર્મ હૈ, કર્મ ન યોગ ન જ્ઞાના ॥
ગોવિન્દ પરમાનન્દ રૂપ હૈ, યહ નિશ્ચય હમ જાના ॥
નારાયણ હમ દેહ ત્યાગકા, અજર અમર પદ પાના ॥

भगवान कल्कि चरित्र

ओं जयति विबुधभर्ता शम्भले वासुदेवः ।

સંવત ૧૯૮૧ ના ઉત્તરાયન, વસંતઋતુ, વૈશાખ માસ, શુક્લ પક્ષ, બીજ સોમવાર, કૃત્તિકા ૩૦/૫ શોભનયોગ, ૫૧/૨૨ સૂર્યોદયથી ઇષ્ટ ૧૪/૨૫ મેષાર્ક ગતાંશ ૨૩/ સમયે બ્રહ્મયશના પુત્ર વિષ્ણુયશ ગૃહે સુમતિદેવીથી ભગવાન કલ્કિ અવતાર થયો.

अवतारयोग चक्र !



અવતારયોગ જ્યોતિષશાસ્ત્ર રઘુવીર મહાનિબંધઃ—

त्रिकोणे सितवा देवेड्यः सौच्चे केन्द्र गतेर्कजः ।
चर लग्ने यदा जन्म योगो यमवतारजः ॥

ત્રિકોણુ ૯–૫ માં શુક્ર કે બૃહસ્પતિ હોય અને કેન્દ્ર ૧–૪–૭ –૧૦ માં ઉચ્ચનો શનિ હોય તો આ યોગ ઇશ્વરી અવતારનો જાણો.

કલ્કિ ભગવાનના લગ્નમાં કર્ક લગ્ન ચર રાશીમાં છે. ગુરૂ પાંચમા સ્થાનમાં ઉચ્ચના છે. તેમજ શનિ ચોથા કેન્દ્ર સ્થાનમાં છે. અને સૂર્ય, મંગલ, ને ચન્દ્ર પણ ઉચ્ચના છે.

चमत्कार दर्शन

કલ્કિ ભગવાન પ્રગટ થઇ ચૂકયા છે તેમાં મહાન તેજો-પુંજદર્શન પ્રત્યક્ષ્ય પ્રમાણ છે.

સંવત ૧૯૮૦ માં ગુજરાત ચારૂત્તર દેશમાં આણંદ જંકશન સ્ટેશન પાસે બોરયાવી ગામ છે, ત્યાં શ્રી હરેરામ બ્રહ્મર્ષિ મહારાજ ગામની ભાગોળે નિશાળ પાસે વિશાળ ચોતરા ઉપર ગામની જાહેર જનતા સમક્ષ ધર્મોપદેશ કરતા હતા. તે સમયે રાત્રે સવા દશ વાગે મેઘ ગર્જના સાથે આકાશમાંથી અપાર તેજોપુંજ પૃથ્વી પર આવી સર્વ મનુષ્ય દેખતાં અદૃશ્ય થયું.

સર્વના જીવનમાં આ પ્રથમ દર્શન હતું. સર્વલોકો તેમજ બ્રહ્મર્ષિએ કહ્યું: આ ઇશ્વરનો અવતાર થયો. આકાશમાંથી થોડા તેજનો તારો ખરે તેનું દેવનો હોય છે, અને અપાર-મહાન તેજોપુંજ ખરે તે ઇશ્વરનો અવતાર છે.

ઓં જયજય અલખ નિરંજન હો, ઓં હરહર મહાદેવ શંભો.

भगवान कल्कि दर्शन

કલ્કિ સ્વરૂપ સુંદર ઘનશ્યામ વિશાળપુષ્ટ તેજોમય ઐશ્વર્યપૂર્ણ છે. મહાદેવદત્ત અશ્વ ઉપર બિરાજે છે, રત્નત્સરૂ, તલવાર અને સર્વજ્ઞ પોપટથી શોભે છે. પિતાએ બ્રહ્મચર્ય દીક્ષા આપ્યા પછી બ્રહ્માની આજ્ઞાથી વિષ્ણુયશજી, સુમતિદેવી, અને કલ્કિભગવાનને પરસુરામજી હિમાલયમાં મહેન્દ્રપર્વત ઉપર પોતાના આશ્રમમાં લેઈ ગયા છે. જ્યાં સિદ્ધો, દેવો, વિના અન્ય પ્રાણી જઇ શકતાં નથી.

ગુરૂજી પરસુરામ પાસે દેહ વેદાંગ સર્વ કલાનો અભ્યાસ કર્યો. અને ગુરૂ દક્ષણા સમર્પણ કરવા પ્રેમ ધર્યો.

ગુરૂ પરસુરામજી કહે છેઃ—

મ્હારાથી વિદ્યા, મહાદેવથી શસ્ત્ર, અશ્વ, અને સર્વજ્ઞ પોપટ, તથા સિંહલ દેશથી પદ્માદેવીને વરશો. ધર્મનું સ્થાપન કરશો.

અમો યજ્ઞ, દાન, તપ, સત્કર્મ સુખરૂપે કરિ શકીશું એથી અમો સંતોષ છીયે અને એજ અમારી ગુરુ દક્ષણા છે.

કલ્કિજી ગુરુનું ધ્યાન વંદન કરી આશુતોષ મહાદેવનું તપ કરે છે.

પ્રસન્ન થયેલા ભગવાન ઉમામહેશ્વર વરદહસ્તથી સર્વાંગસ્પર્શી વરપ્રદાન આપશે.

હેતપયોગી! સર્વ વિદ્યા સંપૂર્ણ, સદા વિજયી, સર્વેશ્વર, એમ મનુષ્યો આપને કહેશે.

બહુરૂપ ધર્તા, અનેક કર્તા—ગારૂડી ઘોડો, અને સર્વજ્ઞ-પોપટ, તથા ભૂભારહારી, મહાતેજવાળી, તીખી તલવાર રત્નત્સરૂ. અમોએ અર્પેલાં સ્વીકારો.

કલ્કિજી વરદ વિભુતિ સ્વીકારી વંદન કરી શમ્ભલ ગ્રામ જશે. સંબંધી જનો તપ સિદ્ધ જાણી તૃપ્ત થશે. અને મહિષ્મતિ નગરીનો રાજા કલ્કિ દર્શન કરી શરણે થશે.

કલ્કિ ભગવાનના પહેલા તેમના ત્રણ ભાઈ કવિ, પ્રાજ્ઞ, સુમન્ત્રક, તથા તેમની જ્ઞાતીમાં તેમના સહાયક ગર્ગ્ય, ભર્ગ્ય, વિશાલ જન્મી ચુકયા હશે.

કલ્કિજી સંવત ૧૯૯૯ ના વૈશાખ સુદ બીજે પૃથ્વીપર પ્રસિદ્ધ થશે સાથે સિદ્ધ પુરૂષો મહાર્ષિઓ આવશે. બંગાલ, મગધ, બિહાર, દીલ્હી, હરદ્વાર, મથુરાં પધારી વિશ્રાંતિ ધરશે.

અને ફરીથી પંજાબ, ઇરાન, પશ્ચિમ, અને અખિલ ભારતમાં ઇચ્છા પ્રમાણે સિદ્ધ સંકલ્પ વિચરશે. અનેક દુષ્ટોનું દમન કરશે.

भगवान कल्कि दर्शन चमत्कार.

ભગવાન કલ્કિજીના શરીરમાંથી દિવ્ય સુંગંધ આવશે તેથી વિશ્વના બગડેલા વાયુ મંડલના દુર્ગંધનો નાશ થશે. સર્વત્ર આનંદ શાંતિ અનુભવાશે. બાળકો અને વૃદ્ધો નવયુવાન થશે. સ્ત્રીઓ ને બાળકો મહાન અને સુન્દર જન્મશે. સત્ય, ધર્મ જ્ઞાન, આનંદ, નો સર્વત્ર પ્રકાશ થશે.

સર્વત્ર કલ્કિ ચક્રવર્તિઆણ વરતાશે. નવો સંવત ચાલશે. ઓગણત્રિસ (૨૯) મી ચતુર્યુંગીની ધર્મ મર્યાદા બાંધશે; અને ભાવિ અવતાર વગેરેના નિયમો મહાર્ષિઓ કરશે.

સમુદ્રની વચમાં સિંહલદ્વીપ છે. તેનો રાજા બૃહદ્રથ અને રાણી કૌમુદિ છે. તેમની કન્યાનું નામ પદ્માદેવી છે. તે રૂપ, શીલ, યશ, વાળી ઇશ્વર ભક્તિવંત છે.

તે પદ્માદેવી ગૌરીશંકરનું તપ કરશે.

तपथी प्रसन्न थयेला भगवान गौरीशंकर चमत्कारी वरप्रदान देशे !

હે દેવી! તમોને ભગવાન વિષ્ણુ વરશે. અને વિશ્વના દેવ, અસુર, નાગ, ગન્ધર્વ, મનુષ્ય, વગેરે કોઇ પ્રાણી મોહભાવે તમને જોશે તે સર્વ તમો જેવા સ્ત્રી રૂપ થઇ તમને અનુસરશે. ચિન્તા ન કરશો. એવું વર-પ્રદાન અર્પણ કરી ભગવાન ગૌરીશંકર અંતર્ધ્યાન થશે.

સિંહલદ્વિપમાં પદ્મિનિ સ્ત્રીઓ, હંસો, અને કમલવન વિશેષ છે.

પદ્માદેવીને વિષ્ણુ ભગવાન વરશે એવું વર પ્રદાન જાણી રાજાને ચિન્તા થશે, સર્વવ્યાપી વિષ્ણુ ક્યારે વરશે ?

રાજા સ્વયંવર રચશે. દૈવી સદ્‌ગુણી, ઐશ્વર્ય સિદ્ધ, રાજાઓને આમંત્રણ કરશે. સર્વોત્તમ સત્કાર પામેલા રાજાઓ સ્વયંવર મંડપમાં બિરાજશે.

ત્યાં સખીઓ અને સેવીકાઓના મંડલ મધ્યે દિવ્ય શણગારોથી શોભતાં પદ્માદેવી પધારશે.

પદ્માદેવીનું દર્શન થતાં જ સર્વ રાજાઓ મોહ પામશે. ત્યાં ભારે ચમત્કાર થશે. સર્વ પધારેલા રાજાઓ સ્ત્રી રૂપ થઇ જશે.

પદ્માજી વિષ્ણુ ભગવાનનું ધ્યાન ધરશે, કલ્કિ ભગવાનનો સર્વજ્ઞ પોપટ આ સઘળું જાણશે અને પદ્માજી પાસે તે હાજર થશે.

હે પદ્માજી! વિષ્ણુ કલ્કિરૂપ પ્રગટયા છે. આપને વરશે હું વિજ્ઞપ્તિ કરૂં છું એમ શાંતિ આપશે.

કલ્કિજી સર્વજ્ઞ પોપટનું નિવેદન સ્વીકારી શીઘ્ર દેવદત્ત અશ્વ ઉપર બેસી સિંહલદ્વિપ જશે; ઇચ્છાવર્તી પોપટ પદ્માજી પાસે જશે, વિષ્ણુ અવતાર ભગવાન કલ્કિજી અત્ર ઉપવનમાં પધારી બિરાજે છે તેવો મંગલ સંદેશ કહેશે.

પદ્માજી ઉપવનમાં જઇ ભગવાનનાં દર્શન કરી વરવાનો નિશ્ચય કરશે. પદ્માજી, પિતાજીને સર્વ સમાચાર જણાવશે. રાજા રાજમહેલમાં લાવી વિધિ પ્રમાણે કન્યાદાન દેશે. થોડો સમય તેઓને રાખશે. કલ્કિ ભગવાનનો દર્શન ચમત્કાર સ્ત્રીરૂપ થયેલા સર્વ રાજાઓ કલ્કિ ભગવાનનું દર્શન કરશે. ગંગા સ્નાન કરી હતા તેવા પુરૂષ થઇ જશે. કલ્કિ ભગવાનની આજ્ઞા લઇ સર્વ પોતપોતાને દેશ જશે.

કલ્કિ ભગવાન પદ્માજી સાથે શમ્ભલ ગ્રામમાં જશે. વિશ્વકર્મા રચિત નવીન ધામમાં નિવાસ કરશે. પુત્ર પરિવાર સંપૂર્ણથી

અશ્વમેધ મહાયજ્ઞથી બ્રહ્મયજન કરશે અને તે નિમિત્તે આવેલા રાજાઓ તથા સૈન્ય સાથે દિગ્વિજય કરવા ભૂમિમંડલમાં પ્રયાણ કરશે. સર્વત્ર પાખંડ અને દુષ્ટ વર્ગનો નાશ કરી હિમાલય હરદ્વાર ગંગાતટ કલ્કિ બિરાજશે.

કલ્કિ ભગવાનના દર્શનાર્થે વામદેવ, અત્રી, વસિષ્ઠ, ગાલવ, ભૃગુ, પરાશર, નારદ, પરસુરામ, દુર્વાસા, દેવલ, અંગીરા, કૃપા, અશ્વથામા, વેદ પ્રમિતિ, અનેક મહર્ષિઓ, સિદ્ધ પુરૂષો, મહારાજા મરૂ, અને દેવાપી આવશે.

કલ્કિજી, મરૂ, અને દેવાપીને તપ યોગ સંપૂર્ણ કરી ગૃહસ્થાશ્રમ અને રાજધર્મ પાલન કરવા આજ્ઞા કરશે. મરૂને અયોધ્યા, દેવાપીને દીલ્લી રાજ્યાભિષેક કરશે. અને તેઓ સર્વને સાથે લઇ કાશ્મીર, કમ્બોજ, શંબર, બરબર, વગેરે અનેક દેશોમાં દુષ્ટોનો નાશ કરશે. અને કલિકુલ સંહાર કરશે.

કલ્કિજી ભલ્લાટ નગરમાં પધારશે ત્યાંના રાજા ભક્ત શશીધ્વજ સાથે યુદ્ધ કરશે રાજા અને રાણી સુશાન્તા કલ્કિ ભગવાન પાસે પોતાના અપરાધની ક્ષમા માગશે. સત્ય અને ધર્મ સાથે ભગવાન કલ્કિની પૂજા કરી પોતાની કન્યા રમાદેવીનું દાન દેશે. અને અનેક વિભૂતિ સમર્પણ કરશે.

કલ્કિજી શમ્ભલ ગ્રામમાં પધારી પદ્મા અને રમા સાથે આનંદ રૂપ રહેશે, માતા પિતાને પ્રસન્ન કરી મહર્ષિઓ સાથે રાજસૂય, વાજપેય, અશ્વમેધ, આદિ મહાયજ્ઞો કરશે.

એક સમયે દેવર્ષિ નારદ અને તુંબરૂ ઋષિ શમ્ભલ ગ્રામ પધારશે અને સુમતિ દેવી સહ વિષ્ણુયશાજીને બ્રહ્મવિદ્યાનો બોધ કરશે. વૈરાગ્ય પામી તેઓ બદરીકાશ્રમ જશે. આત્મ બ્રહ્મૈક્ય લક્ષ્ય ધરી બ્રહ્મનિર્વાણ પામશે. કલ્કિજી તે જાણી પિતૃ યજ્ઞ કરી કૃતાર્થ થશે. કલ્કિજી પદ્માદેવી, રમાદેવી, સાથે સુંદર રાજ કરશે.

કલ્કિજી મનુષ્યનાં એક હજાર વર્ષ મહાતીર્થધામ શમ્ભલ ગ્રામમાં બિરાજશે, તથા મથુરાંમાં બિરાજશે. મથુરાં યમુનાજી તીર્થધામ ગણાશે. દેવોની પ્રાર્થનાથી પ્રજાને સુબોધ કરી પુત્રોને રાજ આપી અને પદ્માદેવી તથા રમાદેવી સાથે કલ્કિજી હિમાલય બદરિકાશ્રમમાં તપ કરવા જશે. અને ત્યાં સ્વરૂપાનુસંધાનથી બ્રહ્મનિર્વાણ પામશે.

ૐ ! ઇતિ ભગવાન કલ્કિચરિત્રં સંપૂર્ણમ.

ओम्कार कीर्तन

અને નાભિથી ઉઠાવો, બોલો ઓં, ઓં, ઓં.
ઉને કંઠમાં લંબાવો, બોલો ઓં, ઓં, ઓં.
મને મસ્તકે પોચાડો, બોલો ઓં, ઓં, ઓં;
ગુરુદેવ પ્રેમ કરી બોલાવે, બોલો ઓં, ઓં, ઓં.

(રાગ કવાલી)

પરમેશ્વરનું ઉત્તમ નામ, જપવું ઓં, ઓં, ઓં.
જપવું ઓં, ઓં, ઓં, જપવું ઓં, ઓં, ઓં.
એને જપતાં ચારે વેદો, એમાં અ,ઉ,મ્ ના છે ભેદો.
હરિહર બ્રહ્માજીનું નામ, જપવું ઓં, ઓં, ઓં.
એમાં નાદ સનાતન ગાજે, એમાં ભક્તિ સનાતન રાજે,
પ્રેરક પૂર્ણ પુરૂષનું નામ, જપવું ઓં, ઓં, ઓં.
એમાં ભક્તિ પરમ ભક્તોની, એમાં મુક્તિ મહામુક્તોની,
અક્ષય પુરૂષોત્તમનું નામ, જપવું ઓં, ઓં, ઓં.
એમાં યોગ કરિ સુરતાનો, ગુરુદેવ લક્ષ કરે નૂરતાનો,
આત્મારામ તણું સતનામ જપવું ઓં, ઓં, ઓં.

मोक्ष साधन

આઠે પહોર પ્રણુવનો જાપ, જપી બાળે પુરાતન પાપ;
ધરે કેવલ બ્રહ્મનું ધ્યાન, ટળે દેહતણું અભિમાન;
જીવ બ્રહ્મની એકતા હોય, એમ મોક્ષ પામે જન સોય; ॥૧॥
પકડ પ્રેમ બલસે પ્રાણોકી ધારા, ચઢો ઊર્ધ્વ જપતે હુવે ઓમ્કારા;
જમાકર ભ્રુમધ્ય આંખોકા તારા, કરો ધ્યાન ભ્રકુટિમેં નિર્ભય હમારા.
ધ્યાન યોગથી દર્શાય હરિ, બેસે બુદ્ધિ ઠેકાણે ઠરી;
કરવું શ્રવણ મનન નિદિધ્યાસ, તેથી બ્રહ્મનો થાય પ્રકાશ. ॥૩॥

स्वरूप लक्ष्य

દેખો દેવને દેહે દેહે, સેવો સર્વત્ર હરિને સ્નેહે,
દેહ દેવલ આત્મા દેવ રે, તેને તર્પ્યં ત્યજી અહમેવ રે;
સાધવા શ્રીધરની સેવ, મારા મન માનજે રે.
તું તો ધીર્ય ધરી જોને ધારિ રે, વેદાન્તનાં વાક્ય વિચારી રે;
તું લે તારા સ્વરૂપને તારી, મારા મન માનજે રે.
જક્ત જુઠું ને બ્રહ્મ છે સાચા રે, એમ વદે વેદાન્તની વાચા રે;
એ વિનાના મનોરથ કાચા, મારા મન માનજે રે.
વેદ શાસ્ત્રનો રાખવો શોધ રે, શિષ્યને સત્ય કહેવો બોધ રે;
ચિત્ત વૃત્તિનો રાખવો રોધ, મારા મન માનજે રે.
હું તો સચ્ચિત શુદ્ધ સ્વરૂપરે, અવિનાશી અકર્ત્તા અનૂપરે;
હું તો સાક્ષિ સર્વનો ચૂપ. મારા મન માનજે રે.
જેમ વ્યાપક વન્હિ એક રે, ભાસે કાષ્ટોને સંગે અનેક રે;
એમ આત્માનો કરવો વિવેક, મારા મન માનજે રે,
સ્વપ્ન સરખો સહુ સંસાર રે, એકરૂપે તે ભાસે અપાર રે;
દ્રશ્ય જુઠું સાચો દેખનાર, મારા મન માનજે રે.

વેદશાસ્ત્રની રાખવી સાનરે, સંત પુરૂષતણું સન્માન રે;
પ્રેમ ભક્તિથી પામે પાર, મારા મન માનજે રે.

પરબ્રહ્મ પ્રાયઃ પોતામાં વસે, સદ્ગુરુ વચને તે જો અભ્યસે;
ગુરુ કહે વેદાન્તનો સાર, કૈવલ્ય બ્રહ્મ પ્રભા આકાર;
જ્યારે પદ બૈઠે નૈરાશ, ત્યારે સ્વેજ્યોત હોય પ્રકાશ;
હરે શું સમજ્યો ગુરુ કરી, સચરાચર દીઠા નહી હરી;
જે નર દેખે સઘળે હરિ, પૂર્ણ ભક્તિ તો તેણે કરી;
જ્ઞાન વિના ભક્તિ નવ થાય, ચક્ષુહિણો જ્યાં ત્યાં અથડાય;
દોષદષ્ટિ દુર્મતિ નવ ટળી, તો શું સાધ્યું કથા સાંભળી;
ઇન્દ્રિય ગ્રાહ્ય પરમેશ્વર નથી, ભર્મે કોઇના મરશો મથી;
બ્રહ્માહં એ નિજ વૃત્તિથી, નિત્યે રેહેજો નિવૃત્તિથી;
ગુરુ સૂર્ય અગ્નિને સેવો, માનવ જન્મ સફલ કરિ લેવો;
વિપ્ર સુપાત્રે દાન દેવા, સજ્જન ગરીબની કરવી સેવા;

(ચોપાઇ)

ગુરુ કહેં મેં અનુભવ અપના, સત હરિભજન જગત સબ સપના;
દેહ ધરે કર યહ ફલ ભાઇ, ભજીય બ્રહ્મ સબ કામ વિહાઇ;
બ્રહ્મ અખંડ અનાદિ અનંતા, અનુભવ ગમ્ય ભજહિ જેહિ સંતા;

(દોહા)

શ્રુતિ સંમત હરિ ભક્તિ પથ, સંયુત વિરતિ વિવેક;
તે ન ચલહિ નર મોહ વશ, કલ્પહિં પંથ અનેક.

દેહે ભાન હેં જ્ઞાન શસ્ત્રે ખુડાવેં, વિદેહીપણેં ભક્તિમાર્ગેંચિ જાવેં;
વિરક્તી બળેં નિંદ્ય સર્વે ત્યજાવેં, પરીસંગ સોડૂનિ સૂખેં રહાવે. ૧
મની માનવ વ્યર્થ ચિંતા વડાતેં, અકસ્માત હોણાર હોઊની જાતેં.
ઘડે ભોગણેં સર્વ હી કર્મયોગેં, મતી મંદતો ખેદ માની વિયોગેં. ૨

મના વાસના દુષ્ટ કામા નયેરે, મન સર્વથા પાપ બુદ્ધિ નકોરે,
મના ધર્મત્તાનીતિ સોડુ નકોહો, મના અંતરી સાર વીચાર રાહો. ૩

चेतन स्वरूप न्यारा

(ગજલ–તાલ ત્રણુ)

નજરોંસે દેખ પ્યારે, ક્યા રૂપ હૈ તુમારા;
અપને કો ભુલ તનમેં, બાહિર ફિરે ગંવારા. ટેક.
કરમેં કંગન છિપાવેં, ઢુંઢન કો દૂર જાવે;
ફિરકે સમીપ પાવે, મનમેં કરો વિચારા. ૧
મૃગનાભિમેં સુગંધી, સૂંઘે વો ઘાસ ગંદી;
દુનિયાં સભી હૈ અંધી, સમજે નહી ઇશારા. ૨
જિમિ દૂધ કે મથનસેં, મિલતા હૈ ઘી જતનસેં.
તિમિ ધ્યાનકી લગનસેં, પરબ્રહ્મકે નિહારા; ૩
જડ જાન દેહ સારી; ક્ષણુ ભંગ દુઃખ કારી;
બ્રહ્માનંદ નિર્વિકારી, ચેતન સ્વરૂપ ન્યારા. ૪

चेतन देवकी सेव

(રાગ જંગલા તાલ ત્રણુ)

ચેતન દેવકી સેવ કરો નર, જન્મ સુફલ હોજાય તુમારો. (ટેક)
ઘટ ઘટ પૂરણુ એક નિરંજન, દ્વૈત ભાવ સબ દૂર નિવારો. ચે૦ ૧.
હિરદે અંદર મંદિર માંહિ, જગમગ જોત જગે ઉજિઆરો ચે૦ ૨.
પ્રેમ પુષ્પસે પૂજન કીજે, મન દીપક ધર ધ્યાન બિચારો. ચે૦ ૩.
બ્રહ્માનંદ ઉલટ સુરતીકો, કર દર્શન ભવ બંધન ટારો. ચે૦ ૪.

काळचक्र गजल (१)

(રાગ. કલ્યાણ, ભૈરવી ગમે તેમાં ગવાય)

ભરોંસે શું રહ્યા ભૂલી ? પલકમાં પ્રાણ જાવાના;
જુવો છો અન્યના એવા, નકી નિજ હાલ થાવાના; ટેક.

વળેલી મૂઠિએ આવ્યા, નથી સાથે કશું લાવ્યા;
ધરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના. ભ૦

સુખેથી શું હજી સૂતા, ખરેખર ખાડમાં ખૂતા;
સમય વીત્યા પછી પ્યારા, કુશલ ક્યાંથી કમાવાના. ભ૦

રહોને સર્વદા સંપી, જગત જંજાલમાં જંપી;
મમત્વે મોહ થાવાથી, વિના મોતે મરાવાના. ભ૦

તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજર દેખો;
ધરા ધન ધામને કામે, નથી નિશ્ચે ધરાવાના; ભ૦

ભમાઇ ભૂલ કીધાથી, વિષયની વાટ લીધાથી;
પરાણે પાપને યોગે, ભવે ભાઠે ભરાવાના, ભ૦

ખબર પલની નથી પડતી, નથી ગુણ દોષની ગણતી;
ચડીલા કાલની ડાઢે, ચડી ચાંપે ચવાવાના ભ૦

સદા સત્સંગને સાધો, વિસારો વેષને વાંધો;
ઉપાયો આદરો અંતે, મહા સુખને જમાવાના. ભ૦

સદા સન્માર્ગ ના શોધે, સખા શુભ વાત ના બોધે;
કૃપા પરિબ્રહ્મની શોભે, નથી દુઃખે દબાવાના; ભ૦

પ્રભુને પામવાલાયક બનો.

ગજલની લય (૨)

પ્રભુને પામવા માટે ઘણું ફાંફાં ઘણા મારે,
પુછે જો કોઇ ભેદુને, હૃદયથી તે કહે ત્યારે. ૧
થઇ ભીખારી જો કોઇ તમારી પાસ ત્યાં આવે,
તમે નહી ને તમારા ભાઇ, તમાચા ગાળ વરસાવે. ૨
તમે જો ભીખ માગંતા, પ્રભુ પાસે જવા માગો,
તમોને નહી જવા દેશે, કહેશે દૂરથી ભાગો. ૩
પ્રભુને પામવા માટે પ્રભુ જેવા તમે થાઓ,
પધારો શેઠજી થાશે પ્રભુ પેલા રહ્યા જાઓ. ૪
મને આ—આ-મને આપો, મને આ આપજો પ્યારા,
ભીખારી થઇ નહી માગો હૃદય માગો કહી મારા. ૫
વિસારી કામ ને ક્રોધ મુકી દ્યો મોહ મત્સરને,
લગાવી લોભને લાતો સજો સંતોષ બખ્તરને. ૬
પ્રભુજી જેમ રાખે છે રહી સંતોષ માનીને,
નમીને ચાલજો નિત્યે નમેલા નેક માનીને. ૭
પરાયો માલ ના લેશો પરાયી સ્ત્રી મુકી દેજો,
પ્રભુજી ના મળે તો તો પછી આવી મને કે'જો. ૮
પછી નીરાંતથી નાહી, કરી તન મન રૂડું સાફ,
નીરાંતે એકલા બેસી ગુનાઓ કહો કરે માફ. ૯
કપાળે ભસ્મ કે ચંદન હૃદય રૂદ્રાક્ષ કે કંઠી,
લગાવી વૃત્તિયો વાળો રહે ઢીલી જશે વંઠી. ૧૦
લગાવી ધૂપ ને દીવા સુવાસીત પુષ્પની સાથે,
કરીને ઇષ્ટની પૂજા ધરાવો જે કંઇ હાથે. ૧૧

ફદાસનથી પછી પ્રીતે બીરાજી શાન્ત આસનમાં,
મીંચી આંખો જપો જાપો ગમે તે એક પણ મનમાં. ૧૨
પ્રથમ પા અર્ધ કે પોણો પછી કલ્લાક વહી જાશે,
પછી તો એક બે ને ત્રણ કલાકો એ થશે થાશે. ૧૩
અજબના સ્થાનમાં ભાઇ નીરંતર જ્યોતિ જે જાગે.
નિરખવા યત્ન આરંભો ધીમે આ ઇષ્ટ એ માગે. ૧૪
થશો નીરાશના પહેલાં રહો મંડયા ધીમે ભાઇ,
નિહાળીને થશો ઘેલા અજબ કારીગિરિ ત્યાંહિ. ૧૫
પ્રભુને પામવા માટે અજબ આ માર્ગ સીધો છે,
ગુરૂ છે દેવ વિપ્રોનો, સમજ્યો તેહ લીધો છે. ૧૬

युगान्ते आश्चर्य दर्शन

યુગ બદલાય તે પહેલાં આશ્ચર્યકારક કાર્યો થાય છે. લોહીનો વરસાદ અનેક પ્રદેશમાં થઇ ગયો છે. પત્થરોનો વરસાદ અનેક દેશમાં થઇ ગયો છે. પ્રયાગરાજમાં પ્રાતઃકાલમાં સૂર્યને બે વાર ફરતો અને તેમાંથી ધુણી નીકળતાં જોયો છે.

બિહાર પ્રાન્તમાં ઘોર ધરતીકંપ થયો છે. અને તેથી ભયંકર જાનમાલનો નાશ થયો છે. તુર્કસ્તાનમાં ભારે ભૂકમ્પ થયો છે. કવેટા બધું નાશ પામ્યું છે.

સંવત ૧૯૮૧ માં ગંગા જમુનાની ભારે રેલમાં વીસ માઇલના વિસ્તારમાં જલપ્રલયથી જાનમાલનો અપાર નાશ થયો છે. હરદ્વાર, ઋષિકેશ અડધું નાશ થયું છે.

નર્મદા, તાપીમાં અનેકવાર ભારે રેલ સંકટ થયું છે. સંવત ૧૯૮૩ માં હિન્દુસ્તાનમાં ગુજરાતમાં સર્વત્ર જલપ્રલય હતો. વીરમગામ, વડોદરા જલમાં લય થતાં બચ્યાં છે.

સંવત ૧૯૯૪ માં અખિલ હિન્દના અનેક પ્રદેશમાં ઉલ્કાપાતો (વીજળીઓ પડે તે) થી અનેકવાર મનુષ્યો, પશુઓનો નાશ થયો છે.

સમુદ્રે મર્યાદા મૂકી !

યુરોપમાં સમુદ્રે મર્યાદા મુકવાથી દોઢસોથી ચારસો જેટલાં ગામનો નાશ અને નુકશાન થયું છે. પ્રચંડ વાયુથી આકાશમાંથી અનેક વિમાનો નાશ પામ્યાં છે. પ્રચંડ વાયુથી ગુજરાત તથા અનેક દેશોમાં મનુષ્યો, પશુઓ, ઘરો, વૃક્ષોનો નાશ થયો છે.

બ્રહ્મદેશમાં ભયંકર રેલ બ્રહ્મપુત્રામાં આવવાથી મોટાં બે શહેરોનો નાશ થયો છે.

ચીન દેશમાં પ્રચંડ જલ પ્રલય !

પીળી નદીમાં રેલ આવવાથી દોઢ લાખ ચીનાઓ જલપ્રલયમાં નાશ થયો છે. ફરી રેલથી એકહજાર ચોરસ માઇલમાં પાણી ફરી વળવાથી બેહજાર ગામ ડુબી ગયાં છે, પંદરસો ગામ પાણીમાં તરે છે સાતલાખ લોકો પાણીના ભયમાં, એકલાખનો પુરો નાશ થયો છે.

ગોહત્તી—તા. ૬-૫-૩૯ વાયુના ભયંકર તોફાનથી અસંખ્ય પશુ, ઘર, ઝાડનો નાશ થયો છે.

બંગાલમાં-ભારે આગથી અને ભારે અતિવૃષ્ટિથી અનેક ગામમાં ભયંકર નુકશાન થયું છે. સખ્ખરમાં માંછલીનો વરસાદ થયો છે.

(મુંબઈ સમાચાર ૧૯૩૮)

સંવત ૧૯૯૫ માં તુર્કસ્તાનમાં તા. ૨૧-૯-૩૯ ભારે ધરતીકંપ હજારો મકાનો નાશ, હજારો માણસો દુખી. તા. ૨૧ જુલાઇ ૧૯૩૮, ગ્રીસમાં ધરતીકંપથી ઘણાં જાન, માલની ખુવારી. તા. ૧૬ જુલાઇ ૧૯૩૮, લાહોરમાં ધરતીકંપ. હિન્દના ૬૦૦ દેશી રાજ્યોની પ્રજા અનેક અત્યાચારોથી ભારે ત્રાસ દુઃખોથી પીડાય છે. પંજાબ હિસાર તરફ ભયંકર દુકાળ, ઘાસપાણી વિના લાખો ગાયોનો નાશ. કચ્છ

કાઠીઆવાડ ગુજરાત વગેરે દેશોમાં ૧૯૯૫ માં ચોમાસામાં વરસાદ ન થવાથી ત્રણ માસમાં દુષ્કાલ, પાણી અને ઘાસ વિના અનેક લાખો પશુઓનો નાશ થઈ ગયો, લાખો ખેડુતો અન્ન અને પાણી વિનાના ટળવળતા હતા. ચાર આને એક ગાય, બળદ, ભેંસ, વેચાયાં અને લાખો ગાયો અને બળદોને ઘાસપાણી ન મળવાથી છુટા મુકી દેવાયાં. ધાડો અને ચોરોથી અસંખ્ય પ્રજા દુઃખી થઈ રહી છે.

નર્મદામાં રેલ આવવાથી ભરૂચમાં બેહજાર ઘરનો નાશ થયો છે ભારે માલનું નુકશાન થયું છે હજારો મનુષ્ય મહા કષ્ટમાં છે. સંવત ૧૯૯૬ માં વિશ્વયુદ્ધ થશે. રોગ, ભૂખ, ભૂમિકંપ, ચોરભય વિગેરે અનેક પ્રકારે પ્રજાને ઘણું કષ્ટ થશે. ૧૯૯૭, ૧૯૯૮ માં પણ તેવુંજ જાણશો.

પદ્મા નદીમાં ભારે રેલ આવી છે. બ્રહ્મપુત્રામાં ભારે રેલ સર્વ પ્રદેશ પાણીમય થયો છે, પારાવાર નાશનુકશાન થયું છે.

ગ્રીસ દેશમાં ધરતીકંપથી અસંખ્ય પશુ, ઘર, મનુષ્યનો નાશ થયો છે.

કાઠીયાવાડમાં ઘોર ધરતીકંપ.

પાળીયાદ, બોટાદ, ચૂડા, પાલીતાણા, સર્વત્ર કેટલાક માસ ધરતીકંપ ચાલુ રહ્યા છે. પાળીયાદમાં સેંકડો મકાનનો નાશ મનુષ્ય, પશુ, માલમાં ભારે નુકશાન થયું છે. સંવત ૧૯૯૫ માં તુર્કસ્તાનમાં ભારે ધરતીકંપ થયો છે. જાનમાલનું ભારે નુકસાન થયું છે.

ઓન્ટેરીયો પર પુંછડીયો તારો.

ગુરૂવાર, તા. ૧૩ જુલાઈ સને ૧૯૩૯ સન્દેશપત્ર.

રૂટનનો તાર. લંડન, ઓન્ટેરીઓ તા. ૧૨

લોકોમાં ભારે ગભરાટ, માઈલો સુધી છવાયેલો પ્રકાશ.

ઓન્ટેરીયોના વાયવ્ય ખુણામાં જમીનથી લગભગ પા માઈલ ઉપર આકાશમાં ફરકેલા તેજોમય ધૂમકેતુથી આકાશમાં માઈલો

સુધી પ્રકાશ પથરાઈ ગયો હતો. વાહનોનો વ્યવહાર અને અવરજવર અટકી પડયો હતો. લોકોમાં ભારે ગભરાટ ફેલાઇ ગયો હતો. ધૂમકેતુ અદશ્ય થઇ ગયા બાદ આકાશમાં ધૂમાડો છવાઇ ગયો હતો.

વિજ્ઞાનપત્રોમાં જણાય છે કે–અમેરીકાના શાંત દરીયામાં સબ-મરીનથી તપાસતાં જળમાં નવો દેશ, બાગ બગીચા સાથે પાણીમાંથી બહાર આવતો જાય છે. જેમાં મનુષ્યો વગેરે કોઇ પ્રાણી નથી.

તા. ૧–૯–૧૯૩૯, સંવત ૧૯૯૫ ના શ્રાવણ માસમાં બ્રીટીશ, ફ્રાન્સ, પોલાંડની જર્મન સાથે લડાઇ જાહેર થઇ. પોલાંડનો બૉંબ અને તોપમારાથી નાશ થયો. જર્મન, રશિયા એક થઇ ફ્રાન્સ ઉપર આક્રમણ કરી રહ્યા છે. ચીન જાપાનનું યુદ્ધ ઘણા સમયથી પરસ્પરના નાશ સાથે ચાલુ છે. જર્મન સબમરીનોએ અનેક સ્ટીમરો ડુબાડી પારાવાર નુકશાન કર્યું છે. ભાવીમાં વિશ્વયુદ્ધની વૃદ્ધિ થશે.

युरोप अने अमेरीकानी शोध !

આગામી મહાયુદ્ધમાં ઝેરનો ઉપયોગ થશે!!! અમેરીકાની પ્રયોગશાળામાં ઝેરી દવાઓનાં સર્જન થઇ રહ્યાં છે.

(૧) આ ઝેરનું નામ—"એસેટીલ્કોલાઇન" છે. અને તેના એક ટીપામાં લાખ્ખો રજકણો નીમાયેલાં છે. હવામાં તેનું એક બીન્દુ પડતાં તે આજુ બાજુ સેંકડો માઇલના ઘેરાવામાં પ્રસરે છે, અને શરીરના કોઇપણ ભાગને સ્પર્શ થતાં માણસ મુર્છીત થઈ જાય છે, અને એ મતિવિભ્રમ બની જાય છે. સહજ વધુ અસર થતાં તેને હડકવા લાગુ પડે છે, અને અંદર અંદરના માણસો સાથે કાપાકાપી કરે છે.

(૨) ક્લોરાલોઝી, અને સ્કોપોલેમીન, નામના બે વસાણાંનું મિશ્રણ કરીને હીપ્નોટીક ગોળી બનાવે છે તે પાણીમાં સહજ ઓગળી જાય છે અને તે પીવામાં આવે તો ગમે તેવો મજબુત મનનો માણસ દુશ્મનના ચરણે ઢળી પડે છે.

(૩) ત્રીજા વિજ્ઞાન શાસ્ત્રીએ આશ્ચર્યકારક ઝેર બનાવ્યું છે. આ ઝેરથી લાખોની વસ્તીવાળા શહેરને નિંદ્રામાં નાંખી શકાય છે. તેના પર બૉમ્બમારો ચલાવી સહેલાઇથી જીત મેળવી શકાય છે.

બ્રિટન સમ્રાટની પ્રચંડ પ્રતિજ્ઞા

નવી દુનિયાની રચના થતાં સુધી બ્રિટન યુદ્ધ ચાલુ રાખશે.

અમે આ યુદ્ધમાં જોડાયા છીયે અને જ્યાં સુધી નવી દુનિયાનું સર્જન નહિ થાય ત્યાંસુધી અમે યુદ્ધમાંથી અલગ થઇશું નહિ. (સન્દેશ તા. ૧૩-૧૦-૩૯)

છેલ્લો જર્મન નિર્ણય

જર્મનીનો પણ છેવટ સુધીનો લડી લેવાનો નિર્ણય છે. દુનિયાની દૌલતમાં જર્મન પ્રજા પોતાના હિસ્સાનો દાવો કરે છે.

જ્યારે જગતમાં યુગનો સંધિકાળ આવે છે ત્યારે રાજાઓ પરસ્પરમાં ભયંકર ભારે યુદ્ધ કરે છે. કૌરવ પાંડવો, અને યાદવોનું યુદ્ધ પણ તે પ્રમાણે દ્વાપરના અંતે અને કલિના આરંભ સંધિમાં થયું હતું.

તા. ૩-૧૦-૩૯, જામખંભાલીયામાં ભયંકર અવાજો સાથે ધરતીકંપ થયો છે સર્વ મકાનો ધ્રુજી ઉઠયાં હતાં.

आकाशनुं तारा मंडल !

કલિયુગ સંપૂર્ણ થયો તેમાં તારામંડલ પ્રત્યક્ષ પ્રમાણ છે. ઇન્દોરની વેધશાળાના જ્યોતિષ ગણીતશાસ્ત્રમાં હિન્દના પ્રસિદ્ધ પંડિતોથી સન્માન પામેલા પંડિત ગોપીનાથ શાસ્ત્રી ચુલેટકરપણ મહાયંત્રોથી દર્શન કરી કહે છે કે સૂર્યમાં ઉંડા છેદ પડી ગયા છે.

મંગલની ચાલ ફરી ગઇ છે. તારામંડલ મંદ પડી ગયું છે. સપ્તર્ષિઓની ગતિ ફરી ગઈ છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવ મંદ પડયા છે. રાશીઓમાં તેજોપુંજ રહ્યું નથી.

देखो अनुभवसिद्ध युग परिवर्तन

પ્રમાણુ ભવિષ્ય પુરાણુ ઉત્તરાર્ધ અધ્યાય. ૩૦

नन्दाङ्क नन्देन्दमिते च वत्सरे
मार्गेसिते सोमसुते नवम्याम् ।
गौराण्ड राज्यं प्रलयं प्रयान्ति
समस्त भूपाः सुखिनः भवन्ति ॥

સંવત ૧૯૯૯ માગશર સુદ નોમ સોમવારે ગૌરાંડ રાજ્યો જશે પછી ભૂમંડલમાં સુખરૂપ થશે.

મહાભારત વનપર્વ અ૦ ૧૯૦ પ્રમાણુઃ—

યુગાંત અથવા યુગક્ષય કલિયુગનો અંત આવે ત્યારે બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્ય, શૂદ્રો, કપટથી ધર્મનું આચરણુ કરશે. પરસ્પર વર્ણશંકર પ્રજા ઉત્પન્ન કરશે. પુરૂષો ધર્મની જાળ પાથરીને તે વડે લોકોને ફસાવશે.

બ્રાહ્મણો તર્ક હેતુવાદથી મોહિત થઇ યજ્ઞ, હોમ, વ્રત કરશે નહિ. પણુ વેદનિંદા કરશે અને નીચ કર્મ કરશે. રાજાઓ એક બીજાને યુદ્ધ માટે આહવાન કરશે.

કન્યાઓ પોતેજ વર મેળવીને પરણુશે. પતિ પત્નિથી અને પત્નિ પતિથી સંતોષ પામશે નહિ. પુરૂષો અને સ્ત્રીઓ પોતપોતાની ઇચ્છા પ્રમાણે વર્તશે, બધા લોકો એકવર્ણુ થઇ જશે.

સર્વ મનુષ્યો મ્લેચ્છના જેવા આચારવાળા–સર્વ પદાર્થ ભક્ષણુ કરવાળા, ક્રૂરકર્મ કરવાળા થશે.

લોભથી લેવડ દેવડમાં એક બીજાને છેતરશે. કોઇ જાતની મર્યાદા રહેશે નહિ. દેશમાં રહેતા સર્વ લોકોનો આચાર તથા વેષ સરખો થઇ જશે.

યુગના અંત સમયમાં સર્વ પ્રાણીઓનો વિનાશ થશે. આકાશનું તારામંડલ નિસ્તેજ થઈ જશે.

દેશમાં રાંધેલું અન્ન વેચાશે. સ્ત્રીઓ પોતાનાં ઉત્તમ અંગને વેચશે. ગાયો અલ્પ દુધવાળી થશે. વૃક્ષો અલ્પ ફલવાળાં થશે. સર્વ લોકો ઘણાજ પાખંડથી ભરેલા થશે.

સોળમે વર્ષે પુરૂષોને પળીયાં આવશે, મનુષ્યનું આયુષ્ય જલ્દી ક્ષય થઈ જશે.

શૂદ્રલોકો ધર્મોપદેશ કરશે અને બ્રાહ્મણો સેવક થઇ માન્ય કરશે. એ પ્રમાણે કલિયુગનો ક્ષય થશે.

લોકોનું વિપરીત વર્તન થાય તેજ પ્રલયનું યુગક્ષયનું પૂર્વરૂપ સમજવું.

જ્યારે સૂર્ય, ચન્દ્ર, અને બૃહસ્પતિ પુષ્ય નક્ષત્રમાં કર્કરાશીના ચોથા ચરણમાં એક સાથે આવશે ત્યારે સત્યયુગનો આરંભ થશે.

કલ્કિપુરાણ—અનુભાગવત, મહાભારત, ભાગવત, દેવીભાગવત, વિષ્ણુપુરાણ, ભવિષ્યપુરાણ, રામાયણ આદિ અનેક ગ્રન્થ પ્રમાણ કલિયુગના ધર્મો.

સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુ, બલ, અને યાદશક્તિનો ધીરે ધીરે નાશ થશે.

મનુષ્યના જન્મ, આચાર, ગુણ, અને ઉન્નતિનું મૂળ કેવળ ધનજ ગણાશે.

ધર્મ અને ન્યાયમાં કેવળ ધનજ સાધન થશે. દેવડ દેવડમાં ઘણુંજ કપટ થશે. સ્ત્રી પુરૂષની ચાતુર્યતા માત્ર વિષયીજ રહેશે, દ્વિજત્વમાં માત્ર જનોઇ રહેશે. યતિમાં દંડ, ચર્મ, નિશાનજ રહેશે. સદાચાર ઉપર કોઇજ ધ્યાન નહિ આપે. વાચાલને પંડિત માનશે.

કલ્પિત પાખંડીને સતપુરૂષ માનશે. પરસ્પર ગમશે તે વિવાહ ગણાશે. કેશની વિચિત્રતાને સુન્દરતા ગણાશે. પેટ ભરવું એજ પુરૂષાર્થ

થશે. કીર્તિને ધર્મ ગણશે, પ્રજાનાં ધન, સ્ત્રી, વગેરે નિર્દય, લોભી થઇ રાજાઓ લૂંટશે, કર નહિ ભરાશે, કલેશ, ભૂખ, તરસ, રોગ, ચિન્તા વગેરેથી મનુષ્યનાં શરીર નાનાં થઇ જશે. લોકો નાસ્તિક થઇ સ્વધર્મ છોડી દેશે, ચારે વર્ણ શુદ્ર સરખી થશે. વર્ણાશ્રમ ધર્મ નષ્ટભ્રષ્ટ થશે.

અન્ન, ફૂલ, વનસ્પતિ ઘણાં ઝીણાં થશે અને સત્વ તથા સ્વાદ-હીન થશે. સ્ત્રીઓ જારણી થશે. વેદશાસ્ત્ર પુરાણ સ્મૃતિ પાખંડ દૂશિત થશે. બ્રાહ્મણો નોકર બની વિદ્યા ભણાવશે અને ઉપદેશ કરશે.

શુદ્રો તપસ્વી વેશ ધરી દાન લેશે, ધર્મબોધ કરશે, ગુરુ બનશે, સર્વ નદીઓ એક કીનારે વહેશે વગેરે અનંત વિધ અધર્મ થશે. ત્યારે કલ્કિ અવતાર થશે.

લંડન બ્રિટિશ ધર્મગુરૂના પ્રાર્થના મંદિરમાં એવો નિયમ સંભળાય છે કે દરેક મહારાજાની પ્રતિમા (ફોટો) મુકાય છે જે મહારાજાની પ્રતિમા મુકતાં સ્થલ સંકોચ થાય છે તે સમય પરિ-વર્તનનો છે, આ સમયે તેવો યોગ આવ્યો છે.

कलियुगमां धर्मधर्तींग दर्शन

ધુરંધર વિદ્વાન થયા પણ, દેશ જાણીતા ડાહ્યા રે;
ગમ્ય ન ઉઘડી ગોવિંદની તો, ગયા વિષયથી વાહ્યા રે.
ભયે ધર્મ ઠગોરે અપાર, કલિમેં ચેતકે રહના.
ભેખધારી સબ ભેદવાદી ભગે, પ્યારો કિયો પાખંડ;
કિસ બિધ સમઝાઉં હે, કલિયુગ કોપ્યો હરિ.
પૃથ્વી પાખંડે બાધી રે, સત્યની શોધ નથી લાધી રે;
કોઇ ઢીંગલીયા દેવને, કોઇ ચીંથરીયાને પૂજતા.

અચેત જીવ અજાણુને, સાચા પ્રભુ નથી સૂઝતા;
સાચા પ્રભુને જે નવ જાણે, તે નર જાણો કાચા જોને.

બહુદિન પીતળ પૂજ કે, રહા મૂઢ કા મૂઢ;
ઈશ્વર તો અલગા રહા, સો જાના નહિ ગૂઢ.
ચેતન કો જાના નહિ, પૂજે પાદુકા વસ્ત્ર;
ગુરુ હરિ તો રહ ગયા, સેવત કાગજ પત્ર.
કલિમલ ગ્રાસે ધરમ સબ, લુપત ભયે સદ્‌ગ્રંથ;
દંભિન નિજ મતિ કલ્પિ કરી, પ્રગટ કિયે બહુ પંથ.
વેદ વિરોધી જેટલા છે પામરના પંથ;
ગપ્પો જુઠ્ઠી ગોઠવી બાંધે છે બહુ ગ્રંથ.
જીવ બુધ્ધે કરી ગુંથ્યા ગ્રંથ, મમતે સહુ વધારે પંથ.
જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહિ;
ત્યાં લગી સાધના સર્વ જુઠી.
ઇન્દ્રીયગમ્ય પરમેશ્વર નથી, ભરમે કોઇ ના મરશો મથી.
સહુ જન ખોટા જગમાં નથી, દૈવી જીવ સારા સર્વથી;
દૈવી જીવ આ જગમાં જેહ, ધર્મ બ્રહ્મ અધિકારી તેહ.

तीर्थदेव महिमा गयो

ગંગા, જમના, નર્મદા મહિમા ગયો ! !

સંવત ૧૯૫૬ માં ગંગાનું આયુષ્ય પૂર્ણ થયું. સંવત ૧૯૯૨ માં જમનાનું આયુષ્ય પૂર્ણ થયું. સંવત ૧૯૯૪ માં નર્મદાનું પણ તેમજ થયું. જલ રહે, સ્નાન કરે પણ સ્નાન પુણ્યફલ ન મળે, ગગામાં નહેરો કરી, ગટરો વાળી, બંધ બાંધ્યા છે. પૂર્વયુગનાં તીર્થ–પુષ્કર, કુરુક્ષેત્ર, નૈમિશારણ્ય છે પણ પુણ્ય ફલદાતા નહિ. દેવોની મનુષ્યકલ્પિત જડ મૂર્તિઓમાં સિદ્ધમંત્રો નહિ હોવાથી દૈવત આવ્યું

નથી, રહ્યું નથી; જેથી તેનું દર્શનફલ કોઇને મલતું નથી. અંધ-શ્રદ્ધાની અથડામણ-વિટંબણા છે. એ સર્વને અનુભવસિદ્ધ છે. સત્યયુગ તીર્થ યમુનાજી થશે. મથુરા, વૃન્દાવન, શમ્ભલ પ્રદેશ પુણ્ય-ધામ થશે !!!

कलियुगनो विशेष धर्म

મનુ અને પરાશર ધર્મશાસ્ત્ર પ્રમાણ-"दानमेकं कलौ युगे" કલિયુગમાં ધર્મનું ચોથું ચરણ એકજ દાન કરવું એ મોક્ષનું મુખ્ય સાધન ગણાશે.

યાજ્ઞવલ્કય ધર્મશાસ્ત્ર પ્રમાણઃ—

" अयं तु परमोधर्मो यद्योगेनात्मदर्शनम् ॥

હું બ્રહ્મ છું એવા તીવ્ર અભ્યાસ રૂપ આત્મદર્શન કરવું એ મનુષ્યોનો મુખ્ય ધર્મ છે. એને રાજયોગ કહે છે.

" स्वस्वरूपानु संधानं भक्तिरीत्यभिधीयते "

સર્વ મનુષ્યે હું બ્રહ્મ છું, એમ પોતાના આત્માનું અનુ-સન્ધાન કરવું તેજ સાચી ભક્તિ છે.

कलियुगनो चमत्कार

कले र्दोषनिधे राजन्नस्ति ह्येको महान्गुणः ।
कितनादेव कृष्णस्य मुक्तसंगः परं व्रजेत् ॥

મહર્ષિ શુકદેવ મુની કહે છે:-હે રાજા પરિક્ષિત !

દુર્ગુણના ભંડારરૂપ કલિયુગમાં એક મોટો સદ્‌ગુણ છે.

ઓં એ એકાક્ષર બ્રહ્મનું હું બ્રહ્મ છું એ લક્ષ્ય સાથે કીર્તન જપ અનન્યપ્રેમે કરવાથીજ સર્વસંગરહિત થઈ બ્રહ્મરૂપ થઇ જાય છે.

नानुद्वेष्टि कलिं सम्राट सारंग इव सारभुक् ।
कुशलान्याशु सिद्धयन्ति नेतराणि कृतानि यत् ॥
(भा. स्कं. १ अ. १८)

ભમર પેઠે સારગ્રાહી પરિક્ષિત રાજાએ કલિનો દ્વેષ કર્યો નહિ, કારણ કે કલિયુગમા પુણ્ય કર્મો શીઘ્ર સિદ્ધ થાય છે પણ અશુભ કર્મો નહિ.

કલિમહિ એક પુનીત પ્રતાપા, માનસ પુણ્ય હોઇ નહિ પાપા.

કલિયુગનો એક પવિત્ર પ્રભાવ છે કે મનમાં ધારેલા પુણ્ય ધર્મ સંકલ્પો સિદ્ધ ફલ આપે છે. પણ પાપ સંકલ્પો નિષ્ફળ નિવડે છે.

કલિમાં છે એ ગુણ પોતાના પ્રતિપાલક,
કળિ શકે તે કુણ દોષ તણા નિર્દોલક;
મન ચિંત્યાં સત્કર્મ શીઘ્ર સફલ તે થાશે.
એકે કર્યાં અધર્મ મનન કરે મરદાશે,
કૃષ્ણ (બ્રહ્મ) તણાં કિર્તન (ઓં)ગાવાં સુણવાં ગમશે;
થાશે પાપ પતન સંકટ સઘળાં સમશે.

भक्तोना अवतार

કલ્કિપુરાણ અંશ ત્રણ, અધ્યાય બાર પ્રમાણ—

यथावतार: कृष्णस्य तथा तत्सेविना मिह ॥२९॥

આલોકને વિષે જેમ દરેક યુગમાં સત્પુરૂષો ભક્તોના તથા ધર્મના રક્ષણ માટે અને દુષ્ટ પાપીઓના નાશ માટે ભગવાન વિષ્ણુ પોતાની યોગમાયાથી અવતાર ધરે છે.

તેજ પ્રમાણે તેવાંજ કાર્ય કરવા ભગવાનના ભક્તો પણ અવતાર ધરે છે.

તેવીજ રીતે દેવતાઓ તથા દેવીઓના અવતાર પણ થઇ ગયા છે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુલસીદાસ, સુરદાસ, તુકારામ, નામદેવ, કબીરજી આદિ અનેક ભક્તોના અવતારો આવી ગયા છે.

हिमालय सिद्धाश्रम

પર્વતમંડલ ચક્ર ચૂડામણિ હિમાચલ પર્વતમાં મહાસિદ્ધ મહર્ષિઓનો સિદ્ધાશ્રમ છે, ત્યાં સત્ય વેદશાસ્ત્ર સમસ્ત વિદ્યાઓનાં સર્વ સાહિત્યો સુંદર સુરક્ષિત છે.

સત્યયુગનો ઉદય થશે તે સમયે મહર્ષિઓ સાથે લાવશે.

सुप्रसिद्ध पृथ्वीना महापुरुषोनां प्रमाण

મી. હિજલીગ્મેન કૃત "આકાશથી મૃત્યુ" નામનું પુસ્તક વાંચવાથી નિશ્ચય થશે કે, સર્વ રાજ્યોએ મહાયુદ્ધ માટે અનેક લાખો મણ મહાભયંકર પ્રમાણથી ઝેરી ગેસ તૈયાર કરી છે. જેથી સારૂંય યૂરોપ પશુપક્ષિ, વૃક્ષ સર્વ ભસ્મીભૂત થશે અને આકાશનું વાયુમંડલ બગડી જશે. ઝેરી હવા વ્યાપક થશે. સંસાર પ્રાણીમાત્રનો નાશ થશે.

ફ્રાન્સના મહાન જ્યોતિષશાસ્ત્રી

રોમાં રોલાં લખે છે:—આજ અમો એવા સમયમાં છીયે કે અમારી સભ્યતા નાશ થવાની છે; અને બીજી નવીન સભ્યતાનો આરંભ થશે.

પાદરી વાલ્ટર વેન સાહેબનો સન્દેશ

મિશ્ર દેશના મીનારા પર પ્રાચીન પ્રસિદ્ધ એક લેખ મેં વાંચ્યો છે કે:—એક હજાર વર્ષ માટે શીઘ્ર સત્યયુગ આવે છે.

લંડનના પ્રસિદ્ધ જ્યોતિષશાસ્ત્રી એચનીલર લખે છે કે:—આવતા બે વર્ષોમાં સંસારમાં એવું મહાન પરિવર્તન થશે કે દુનિયાં તેને કેવી રીતે સહન કરશે તે કહી શકાતું નથી.

મિ. વેલ્જ લખે છે કે:—દુનિયાં લોહીની નદીમાં ન્હાવાને તૈયાર બેઠી છે.

લંડનના મહાન જ્યોતિષશાસ્ત્રી શેરો લખે છે કે:—દુનિયામાં મહાયુદ્ધનું જોર સને ૧૯૩૯ ના નજીક થશે. દુર્બલતા એટલી વધશે કે બહુ લોક ભૂખે મરશે.

યુરોપ જનરલ લુડેન ઉર્ફે લખે છે કે:—

યુરોપ નાશ થવાની તૈયારી ઉપર જઇ રહ્યું છે. એશીયાના લોક એનું સ્થાન લેશે.

દીલ્લી અને મથુરા એ શહેરો ફરી ઉન્નતિના શિખર પર પહોંચશે.

મક્કાના હમીદીયા પુસ્તકાલયમાં

અરબી ભાષાના એક પુસ્તકાલયમાં લખે છે:—જ્યારે ફાટફૂટ અને વ્યભિચારી વધશે ત્યારે એક પુરૂષ આવશે. તે આત્મશક્તિઓના સ્વામી હશે, તે અગ્નિનાં શસ્ત્રો નાશ કરી દેશે, તેની પાસે કેવલ તલવાર હશે. તે સર્વત્ર વિજય પ્રાપ્ત કરશે. સૃષ્ટિ એની આજ્ઞાનું પાલન કરશે, તે સૃષ્ટિને સ્વર્ગ બનાવી દેશે. એની કૃપાથી વૃદ્ધો યુવાન થઇ જશે.

ઈસ્લામ બન્ધુઓની ભાષાના ગ્રંથોમાં મદિનાની પ્રસિદ્ધ અકુસુમ બુખારીમાં જણાવે છે:—

૧૪–ચૌદમી સદી હિજરીની બીજી તિહાઇમાં કયામત આવશે. અને હજરત મહદી પ્રગટ થશે. ૧૦૦ વર્ષની તિહાંઇ ૩૩ વર્ષ ને ૪ માસ છે. બીજી તિહાંઇ ૬૬ વર્ષ ૮ માસની છે. વિક્રમ સંવત ૨૦૦૦ ની અષાડ વદ અમાવાસ્યાએ હિજરી સન ૧૩૬૩ માસ રજબ તારીખ ૨૮ મી છે. આ ચૌદમી સદીની બીજી તિહાઈ હશે.

અન્ય ગ્રન્થમાં પણ લખે છે:—

અરે હિન્દુસ્તાન વાલો ! ઉઠો ! જાગો ! વિચાર કરો !!!

દુનિયાં નાશના પરદામાં જવાને તૈયાર છે! જે કંઇ કરવું હોય તે આજે જ કરી લ્યો!

બુદેલખંડ–પન્ના !

પ્રણામીમતના પ્રાણનાથના લેખીગ્રંથ "કુલજુગસ્વરૂપ" માં બીસા સંવત ૨૦૦૦ સુધીમાં યુગપરિવર્તન વિષે ઘણું લખ્યું છે.

બૌધ ભિક્ષુઓ

બર્માના દસ હજાર બૌધ ભિક્ષુઓ ગૌતમ બુધના આગલા અવસરની (કલ્કિજી)ની સ્વાગતની તૈયારીઓ કરી રહ્યા છે.

યોગીરાજ અરવિન્દ ઘોષ !

પાંડીચેરી પહાડમાં "યોગ અને યોગ સાધન"માં લખે છે:— કલિયુગ સમાપ્ત થઈ ગયો છે. પ્રાચીન જ્ઞાન અને સભ્યતાનો નાશ થઇ ચૂકયો છે.

હવે સમય એ છે કે આગળ વધવાની વાતનો આરંભ કરાય આ સમય આવવાવાળા સત્યયુગને માટે તૈયારીઓ કરવાનો છે.

ગોરખપુર કલ્યાણના તંત્રીમહોદયઃ—

મહાસંહારકી તૈયારી બહુતહી સમીપ હૈ, ઔર ઇસપર વિચાર કરના અતિ આવશ્યક હૈ.

હિન્દ મહાસભા—પંડિત જવાહરલાલ નહેરૂ લખે છે—

'હિન્દ માટે હવે ગંભીર ઘડી આવી પહોંચી છે.'

પંજાબના ગુરુ ગોવિંદસિંહ

દશમગ્રંથ સાહેબમાં લખે છેઃ—

કલિયુગની સમાપ્તિ સંવત બીસા ૨૦૦૦ માં થશે અને કલ્કિ ભગવાન પધારશે.

પાપ સમુહ વિનાશન કો કલ્કિ અવતાર કહાવેંગે;
તરકસ તુરંગ શુપુછ બડુ કર, કાઢ કરપાન ખપાવેંગે;
નિકસે જૂં કેહર પર્વત સે, તિસ શોભા દેવાલ પાવેંગે;
બડે ભાગ ભયે ઉસ શમ્ભલકે, હરિજી હરિમંદિર આવેંગે.
ઉઠે સબ દેશનકો દૂલો, પટસિંદ્દે સબ રાજન મૂલો.

चतुर्युगीनो प्रलय ! ! !

ચાર યુગના સર્વ સાહિત્યનો નાશ થશે, કોઇ વૃતાન્તનું નામ નિશાન રહેશે નહિ, દુનિયાની યાંત્રિક સર્વ સાહિત્ય સૃષ્ટિઓ, સત્યયુગથી કલિયુગ પૂરો થતાં સુધિના કલાઓના સર્વ ગ્રન્થ-સાહિત્યો અખિલ વિશ્વના ઐતિહાસિક સાહિત્યો.

ખગોળ, ભુગોળ અને રસાયન તત્ત્વો, ભૌતિકશાસ્ત્રો, દુનિયાની અનંત કલ્પનાઓ, સર્વ કંપનીઓ, યંત્ર, મંત્ર, તંત્ર, દેવોપાસના-વિધિઓ, સર્વ પાખંડ કલ્પના અને અસત્ય માત્રનો વિલય થશે.

સર્વ પ્રકારનાં વૈદ્ય, ડૉક્ટરોનાં શાસ્ત્ર, સાહિત્યો, જ્યોતિષ અને સમસ્ત પ્રકારનાં કર્મકાંડો વિગેરે સર્વનો વિનાશ થશે.

અખિલ ભૂમંડલના અસત્ રાજ્યો, શાસનો, કાયદાઓ, અને અનંત કોટિ પ્રકારની ચિત્ર વિચિત્ર રચનાઓનાં સર્વ સાહિત્યનો વિનાશ થશે.

ગત સત્યયુગ પૂરો થયો ત્યારે હિન્દુઓની પ્રાચીન સભ્યતાના પૂર્ણકેન્દ્રરૂપ એક દેશ ડુબી ગયો હતો, તેનો બરાબર પત્તો મળતો નથી, પણ અંગ્રેજો તેને "એટલેંસ" કહે છે; અને તેને ૧૨૦૦૦ વર્ષ ઉપરનો ડુબવાનો સમય છે. સત્યયુગનાં આ કલિયુગ પૂરો થતાં ચતુર્યુગીનાં બાર હજાર વર્ષ બરોબર મળતાંજ છે. ત્રેતાયુગ બદલાતાં સોનાની લંકા દિવ્ય વિભુતિવાળી ડુબી ગઇ હતી, દ્વાપરયુગ બદલાતાં ભાગવત સ્કન્ધ ૧૧ પ્રમાણે સપ્તર્ષિઓના શ્રાપથી સમુદ્રમાં રહેલી વિશ્વકર્મા દેવે બનાવેલી રત્નહીરા મણી મુક્તાવલીવાળી ભગવાન શ્રી કૃષ્ણચન્દ્રના કુટુંબ અને રાજ્યવાળી સુવર્ણમયી દ્વારકાં નગરી સાતમે દિવસે સમુદ્રમાં ડુબી ગઇ હતી.

તેવીજ રીતે કલિયુગ પુરો થતાંજ ભારત વર્ષની બહારનો એક દેશ અને એક સુંદર શહેર, જે વર્તમાન કલિયુગની સભ્યતાનું કેન્દ્ર હશે; તે ડુબી જશે. પૂર્વ પરંપરાથી જ્યારે જ્યારે યુગ બદલાય છે ત્યારે ત્યારે તેવુંજ થાય છે. આ વખતે પણ નિશ્ચય તેવુંજ થશે.

अनेक प्रमाणदर्शन.

महाराजा मेधातिथी

પ્રથમના કોઇ પ્રાચીન શાસ્ત્રમાં કલિયુગનું પ્રમાણ ચાર લાખ બત્રીસ હજાર વર્ષનું મલતું નથી. સૌથી પ્રથમ આજથી અગિઆરસો વર્ષ ઉપર મનુસ્મૃતિના ટીકાકાર રજપૂત રાજા મેધાતિથીએ આ ત્રણ ભૂલ કરી છે.

તેના ઉપર કોઇએ બે હજાર વર્ષ આગળના પ્રાચીન ઋષિ-પ્રણિત ગ્રંથના આધારે વિચાર કર્યો નથી! (૧) ૪૮૦૦ વર્ષના કલિયુગને સત્યયુગ માન્યો (૨) અને ૧૨૦૦ વર્ષના સત્યયુગને કલિયુગ માન્યો (૩) અને દિવ્ય વર્ષનો દેવતા અર્થ કર્યો જેથી ૩૬૦ ગુણી ચાર લાખ બત્રીસ હજાર વર્ષ લખી દીધાં એમ મોટી ત્રણ ભૂલ કરી છે!

આજથી પાંચસો વર્ષ ઉપર મનુસ્મૃતિના ટીકાકાર કુલ્લૂક ભટ્ટ તેનું ખંડન કર્યું છે.

તેના પર આજ સુધીના કોઈ પણ સત્યશોધક વિચારશીલ વિદ્વાન પંડિતોએ વિચાર કરવાનો લક્ષ્ય લીધો નથી.

चार युगोनो आयुष्य

યુગોનો આયુષ્ય હજારો વર્ષનો છે, લાખોનો નથી!!!

મનુસ્મૃતિ અધ્યાય એક, શ્લોક ૬૯–૭૦–૭૧

चत्वार्याहुः सहस्राणि वर्षाणां तत्कृतंयुगम् ।
तस्यतावच्छती संध्या संध्यांशश्चतथाविधः ॥

इतरेषु स सन्ध्येषु स सन्ध्यांशेषु च त्रिषु ।
एकापायेन वर्तन्ते सहस्राणि शतानि च ॥
तदेतत्परिसंख्यात्प्त मादावेव चतुर्युगम् ।
एतद्द्वादश साहस्रं देवानां युगमुच्यते ॥

કલિયુગ ચાર હજાર વર્ષનો છે.

એના ચારસો વર્ષોની સંધ્યા અને ચારસો વર્ષોનો સન્ધ્યાંશ છે.

તત્પશ્ચાત્ તે પછી સત્યયુગ આવે છે. (તત્શબ્દ પૂર્વનો પરામર્ષક છે અને પોતાથી પેહેલાંનો ઇસારો કરી અને સત્યયુગથી અલગ કરે છે.)

એટલે કલિયુગ ૪૦૦૦ વર્ષનો છે. ૪૦૦ સંધ્યા, ૪૦૦ સંધ્યાંશ, કુલ ૪૮૦૦ વર્ષોનો કલિયુગ છે. સંધ્યા અને સંધ્યાંશ સહિત બીજા ત્રણ યુગોનું પ્રમાણ એક હજાર અને એકસો એકસો ક્રમપૂર્વક ઘટાડવાથી હિસાબ મલે છે.

જેમ ૪૦૦૦ માંથી એક હજાર ઘટાડો તો ૩૦૦૦ રહે ૪૦૦ વર્ષની સંધ્યા ૪૦૦ વર્ષનો સંધ્યાંશ એકસો એકસો ઘટાડો તો ૬૦૦ રહે એટલે ૩૬૦૦ ત્રેતા, એમ ૨૪૦૦ દ્વાપર, એમ ૧૨૦૦ સત્યયુગ થાય છે.

એ પૂર્વ સંખ્યા પ્રમાણ ચાર યુગનાં વર્ષ ગણાવ્યાં એમ બાર હજાર કુલ વર્ષનો દેવતાઓનો એક યુગ થાય છે.

વર્તમાન અર્વાચીન પુસ્તકો, પંચાંગો અને પંડિતો ચતુર્યુગીનાં વર્ષ ૪૩૨૦૦૦૦ તેંતાળી લાખ અને વીસ હજાર ગણે છે. તેનું કોઇપણ શાસ્ત્રમાં પ્રમાણ મલતું નથી. અને જે પ્રમાણો બતાવવાનો હઠાગ્રહ સેવે છે તે તો અર્વાચીન પુસ્તકોના ઉતારા આમાંથી તેમાં એના એજ અંધ રૂઢીવાદી હોય છે. ચતુર્યુગીનાં એટલે દેવના એક યુગનાં વર્ષ માત્ર ૧૨૦૦૦ બાર હજાર વર્ષ મનુષ્યનાં સર્વ શાસ્ત્રસિદ્ધ છે.

अथर्व वेद प्रमाण

शतं ते युतं हायनाँ द्वे युगे त्रीणिचत्वारि कृण्मः ।
इन्द्राग्नी विश्वेदेवास्ते नु मन्य तामर्हणीय मानाः ॥

સાયણાચાર્ય આ મંત્રનું ભાષ્ય આ પ્રમાણે કરે છે.

"चतुर्णां युगानां सन्धि संवत्सरान् विहाय युग चतुष्टस्य मिलित्वा अयुतः संवत्सराः स्युः तान् विभज्य कलि द्वापराख्ये त्रीणि त्रेता सहितानि चत्वारि कृतयुग सहितानि कूर्म इति आशास्यते"

વેદમાં સન્ધી અને સન્ધ્યાંશ વિના કલિયુગ ૪૦૦૦ વર્ષ, દ્વાપર ૩૦૦૦ વર્ષ, ત્રેતા ૨૦૦૦ વર્ષ અને સત્યયુગ ૧૦૦૦ વર્ષ એમ ચારે યુગનો આયુષ્ય ભેગો ગણો તો દસ હજાર વર્ષ થાય છે. એમાં દેવતાઓનાં વર્ષ જણાવ્યાં નથી કેવલ સંવત્સર લખ્યો છે.

એનો સાર મનુષ્યોના વર્ષ સમજવાનો છે. આ મંત્રમાં પહેલો કલિયુગ, પછી દ્વાપર, ત્રેતા, સત્યયુગ એવી અવળી રીત ગણી છે તે ધ્યાન આપવા યોગ્ય છે.

धर्मशास्त्र प्रमाण

निर्णय सिन्धु प्रकरण ३ पूर्वार्धे

चत्वार्याब्द सहस्राणि चत्वार्याब्द् शतानि च ।
कलेर्यदा गमिष्यन्ति तदा पूर्वयुगा श्रिता ॥

ચાર હજાર અને ચારસો વર્ષ જ્યારે કલિયુગનાં થઈ જશે ત્યારે પૂર્વ યુગોના સમાન ધાર્મિક કાર્યો થવા લાગશે.

અહિં કલિયુગનાં સુવાળીસો (૪૪૦૦) વર્ષનો આયુષ્ય જણાવ્યો છે. એ કલિયુગ અને સન્ધ્યાનો સમય છે. એમાં ૪૦૦ (ચારસો) વર્ષ સન્ધ્યાંશનાં મેળવો તો ૪૮૦૦ વર્ષનો કલિયુગ થાય છે.

ગોયા નિર્ણય સિન્ધુમાં કલિયુગનાં ૪૮૦૦ વર્ષનો આયુષ્ય ચોખ્ખો જણાવ્યો છે.

वेदांग प्रमाण

ઋગ્વેદાંગ નિરૂક્ત દૈવતકાંડ સાત,અઢાર પ્રમાણ:—

દિવ્ય શબ્દની વ્યુત્પત્તિ "દિવ્યોદિવિજો" છે.

નૈઘંટુક કાંડમાં દિવિ દ્યુ દિવસનો વાચક છે.

દિવસમાં સૂર્યજ પ્રકાશે છે. જેથી દિવ્ય સૂર્યનું નામ છે.

વ્યાકરણ શાસ્ત્ર પ્રમાણ:—

દિવ ધાતુમાં "સ્વોર્થેયત્" પ્રત્યય લાગે છે.

વ્યુત્પત્તિ "દિવિભવંદિવ્યમ્" દિવસે સૂર્ય પ્રકાશે છે,

જ્યોતિષ શાસ્ત્ર સૂર્ય સિદ્ધાન્ત પ્રમાણ:—૧૪, ૨૯

દ્યુ શબ્દનો અર્થ દિવસ છે.

પરાશર ધર્મશાસ્ત્ર:—

यत्तुसातपवर्षेण स्नानं तद्दिव्यमुच्यते ।

જે સુર્યના પ્રકાશ સાથે વરસાદથી સ્નાન કરવામાં આવે છે તે દિવ્યસ્નાન કહેવાય છે. દિવ્ય-સુર્યનો વાચક છે.

દેવતા શબ્દ વ્યાકરણશાસ્ત્રના "દેવાતલ" આદિ સૂત્રોથી બને છે.

रामायण प्रमाण

વાલ્મીકી રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ ૭૩, શ્લોક ૫,

अप्राप्त यौवनं बाले पंच वर्ष सहस्त्रकम् ।

अकाले कालमापन्नं मम दुःखाय पुत्रकम् ॥

ભગવાન રામચન્દ્રજીના રાજ્યમાં એક બ્રાહ્મણનો પુત્ર પાંચ હજાર વર્ષના આયુષ્યનો મરી ગયો હતો.

તે બ્રાહ્મણે પુત્રનો મૃતદેહ રામચન્દ્રજીના પાસે રજુ કર્યો, યુવાન થયા વિના પિતા પહેલો પુત્ર અકાલે કેમ મર્યો ?

મહાન પ્રસિદ્ધ પ્રખર પંડિત રામાભિરામી ટીકા લખે છેઃ—

"पंच वर्ष सहस्त्रकं वर्ष शब्दोत्र दिनपरः

किंचिन्न्यूनं चतुर्दश वर्ष मित्यर्थः ।"

અહિ વર્ષ શબ્દનો અર્થ દિવસ છે, કંઇક કમ ચૌદ વર્ષના બરાબર પાંચ હજાર વર્ષ થાય છે.

રામનો રાજ્ય સમય

વાલ્મીકી રામાયણ, બાલકાંડ અધ્યાય ચાર, શ્લોક ૯૭, પ્રમાણઃ—

दश वर्ष सहस्त्राणि दश वर्ष शतानि च ।

रामो राज्य मुपासित्वा ब्रह्मलोके गमिष्यति ॥


ભગવાન રામચન્દ્રજી અગિઆર હજાર વર્ષ રાજ્ય કરી બ્રહ્મલોકમાં જશે.

આ વર્ષ સંખ્યા તે સૂર્ય વર્ષ દિવસ ગણાય છે.

ત્રીસ વર્ષ ૭ માસ અને વિસ દિવસ રામે રાજ્ય કર્યું હતું.

कलियुग समाप्तिमां
रामवंशावली प्रत्यक्ष प्रमाण

સૂર્યવંશી મહારાજા રામચન્દ્રની વંશાવલી.



૧ રામચંદ્ર

લવ — ૨ કુશ

૩ અતિથી	૧૩ દલબલરથ	૨૩ પુત્ર
૪ નિષદ	૧૪ શિલ	૨૪ પુષ્ય
૫ નલ	૧૫ ઉકથ	૨૫ ધ્રુવસંધિ
૬ નભ	૧૬ વજનાભ	૨૬ સુદર્શન
૭ પુંડરીક	૧૭ શંખન	૨૭ અગ્નિવર્ણ
૮ ક્ષેમધન્વ	૧૮ વ્યુષિતાશ્વ	૨૮ શીઘ્ર
૯ દેવાનીક	૧૯ વિશ્વસહ	૨૯ મરુ
૧૦ અહીનગુ	૨૦ હિરણ્યનાભ	૩૦ પ્રશસ્ત્વ
૧૧ રુરુ	૨૧ કૌશલ્ય	૩૧ સુસન્ધ
૧૨ પારિયાત્રુ	૨૨ બ્રહ્મનિષ્ઠ	૩૨ આમર્ષ

૩૩ મહશ્વાન
૩૪ બૃહદવલુ
૩૫ બૃહત્દાત્રી
૩૬ ઉરુક્ષય
૩૭ વસ્ત
૩૮ વત્સવ્યૂહ
૩૯ પ્રતિવ્યામ
૪૦ દિવાકર
૪૧ સહદેવ
૪૨ બૃહદશ્વ
૪૩ અશ્વરથ
૪૪ પ્રતિતાશ્વ
૪૫ સુપ્રતિક
૪૬ મરુદેવ
૪૭ સુનક્ષત્ર
૪૮ કિન્નર
૪૯ અન્તરિક્ષ
૫૦ સુવર્ણ
૫૧ અમીત્ર
૫૨ બૃહદ્રાજ
૫૩ ધર્મીબર્હિ
૫૪ કૃત્તંજય
૫૫ શાક્ય
૫૬ શુદ્ધોદન
૫૭ રાહુલ
૫૮ સેનજીત
૫૯ ક્ષુદ્રક
૬૦ કુંડક
૬૧ સુરથ
|

૬૨ સુમિત્ર

વિશ્વરાજ

અહીંથી મહારાજા જોધપુરનું કુળ ચાલે છે.

૬૩ કૂર્મ
૬૪ કત્સબાધ
૬૫ બુધસેન
૬૬ ધર્મસેન
૬૭ ધુજસેન
૬૮ લોકસેન
૬૯ લક્ષ્મીસેન
૭૦ રાજસેન
૭૧ કામસેન
૭૨ રવિસેન
૭૩ કીર્તિસેન
૩૪ મહાસેન
૭૫ ધર્મસેન
૭૬ અમરસેન
૭૭ અજસેન
૭૮ અમૃતસેન
૭૯ ઈન્દ્રસેન
૮૦ રજમયી
૮૧ વિજયમયી
૮૨ શિવમયી
૮૩ દેવમયી
૮૪ રિધિમયી
૮૫ રેવમયી
૮૬ સિદ્ધિમયી
૮૭ ત્રસંકૂમયી
૮૮ શ્યામમયી
૮૯ મહામયી
૯૦ ધર્મમયી
૯૧ કર્મમયી
૯૨ રામમયી
૯૩ સુરતિમયી
૯૪ શીલમયી
૯૫ શૂરમયી
૯૬ શંકરમયી
૯૭ કદમમયી
૯૮ જશમયી

૯૯ ગોતમથી
૧૦૦ નલ
૧૦૧ ઢોલા
૧૦૨ લક્ષ્મણુરાય
૧૦૩ રાજભાનુ
૧૦૪ બજ્રધામ
૧૦૫ મધુબ્રહ્મ
૧૦૬ મંગલરાય
૧૦૭ વિક્રમરાય
૧૦૮ અનંગપાલ
૧૦૯ શ્રીપાલ
૧૧૦ સામંતપાલ
૧૧૧ ભીમપાલ
૧૧૨ મંગલપાલ
૧૧૩ મહંતપાલ
૧૧૪ મહેન્દ્રપાલ
૧૧૫ રાજપાલ
૧૧૬ મદનપાલ
૧૧૭ આનંદપાલ
૧૧૮ બસંતપાલ
૧૧૯ વિજયપાલ
૧૨૦ કામપાલ
૧૨૧ બ્રહ્મપાલ
૧૨૨ વિષ્ણુપાલ
૧૨૩ ધુન્ધપાલ
૧૨૪ કૃષ્ણપાલ
૧૨૫ ભુહંગપાલ
૧૨૬ ભીમપાલ
૧૨૭ અજયપાલ
૧૨૮ અશ્વપાલ
૧૨૯ શ્યામપાલ
૧૩૦ અંગપાલ
૧૩૧ યુદ્ધપાલ
૧૩૨ બસંતપાલ
૧૩૩ હસ્તપાલ
૧૩૪ કામપાલ
૧૩૫ ચન્દ્રપાલ
૧૩૬ ગોવિન્દપાલ
૧૩૭ ઉદયપાલ
૧૩૮ બંગપાલ
૧૩૯ રંગપાલ
૧૪૦ પુષ્પપાલ
૧૪૧ હરિપાલ
૧૪૨ અમરપાલ
૧૪૩ છત્રપાલ
૧૪૪ મહીપાલ
૧૪૫ સોનપાલ
૧૪૬ ધીરપાલ
૧૪૭ સુગંધપાલ
૧૪૮ પદ્મપાલ
૧૪૯ રૂદ્રપ.લ
૧૫૦ વિષ્ણુપાલ
૧૫૧ વિનયપાલ
૧૫૨ અક્ષુપાલ
૧૫૩ ભૈરવપાલ
૧૫૪ સહજપાલ
૧૫૫ દેવપાલ
૧૫૬ ત્રિલોચનપાલ
૧૫૭ વિલોચનપાલ
૧૫૮ રસિકપાલ
૧૫૯ શ્રીપ.લ
૧૬૦ સુરતપાલ
૧૬૧ શકુનપાલ
૧૬૨ અતિપાલ
૧૬૩ ગંજપાલ
૧૬૪ જોગેન્દ્રપાલ
૧૬૫ મૌજપાલ
૧૬૬ રત્નપાલ
૧૬૭ શ્યામપાલ
૧૬૮ હરિશ્ચન્દ્ર
૧૬૯ કૃષ્ણપાલ
૧૭૦ વીરચન્દ્રપાલ
૧૭૧ ત્રિલોકપાલ
૧૭૨ ધનપાલ
૧૭૩ મુનિપાલ
૧૭૪ નખપાલ
૧૭૫ ૪:તાપપાલ
૧૭૬ ધર્મપાલ

૧૭૭ ભુવિપાલ
૧૭૮ દેશપાલ
૧૭૯ પરમપાલ
૧૮૦ ઇન્દ્રપાલ
૧૮૧ ગિરિપાલ
૧૮૨ મહિપાલ
૧૮૩ કર્ણપાલ
૧૮૪ સ્વર્ગપાલ
૧૮૫ ઉગ્રપાલ
૧૮૬ શિવપાલ
૧૮૭ માનપાલ
૧૮૮ પરાશ્વપાલ
૧૮૯ વરચન્દ્રપાલ
૧૯૦ ગુણપાલ
૧૯૧ કિશોરપાલ
૧૯૨ ગંભિરપાલ
૧૯૩ તેજપાલ
૧૯૪ સિદ્ધપાલ
૧૯૫ કાન્હદેવ
૧૯૬ દેવાનિક
૧૯૭ ઇસેહસી

૧૯૮ સોઢદેવ
૧૯૯ ફુલહરાય
૨૦૦ કાક્લિદેવ
૨૦૧ હણુદેવ
૨૦૨ જાન્હડદેવ
૨૦૩ પજવનજી
૨૦૪ મલયસી
૨૦૫ બીજલદેવ
૨૦૬ રાજદેવ
૨૦૭ કલ્યાણદેવ
૨૦૮ કુંતિલદેવ
૨૦૯ જોણસી
૨૧૦ ઉદયકર્ણ
૨૧૧ નૃસિંહદેવ
૨૧૨ બણવીર
૨૧૩ ઉદ્ધરણ
૨૧૪ ચન્દ્રસેન
૨૧૫ પૃથ્વીરાજ
૨૧૬ ભારમલ
૨૧૭ ભગવન્તદાસ
૨૧૮ મહારાજા માનસિંહ

૨૧૫ જગતસિંહ
૨૨૦ મહાસિંહ
૨૨૧ મિરજા રાજા-જયસિંહ
૨૨૨ રામસિંહ
૨૨૩ કૃષ્ણસિંહ
૨૨૪ વિષ્ણુસિંહ
૨૨૫ મહારાજા સવાઇ-જયસિંહ
૨૨૬ માધવસિંહ
૨૨૭ પ્રતાપસિંહ
૨૨૮ જગતસિંહ
૨૩૯ જયસિંહ
૨૩૦ રામસિંહ
૨૩૧ સવાઇ-માધવસિંહ
૨૩૨ મહારાજા માનસિંહ

વર્તમાન રાજા છે.

महाभारत प्रमाण

રામ અને પરશુરામ

મહાભારત આદિપર્વ અધ્યાય બે, શ્લોક ત્રણઃ—

त्रेताद्वापरयोः सन्धौ रामः शस्त्रभृतांवरः।
असकृत्पार्थिवंक्षत्रं जघानामर्ष नोदितः॥

તેત્રા અને દ્વાપરયુગની સાન્ધમાં શસ્ત્રધારિયોમાં શ્રેષ્ઠ પરશુરામ ભગવાને ક્રોધ કરી પુનઃ પુનઃ એકવીસવાર નક્ષત્રિ પૃથ્વી કરી.

રામચન્દ્રના વંશમાં બે પુત્ર લવ અને કુશ હતા. લવના વંશથી મહારાજા ઉદયપુર (મેવાડ) નો વંશ ચાલુ છે. અને કુશના વંશથી જયપુર, જોધપુર, અને કાશ્મીરના મહારાજાનો વંશ ચાલુ છે. એ સર્વ પુરૂષ પેઢીઓની સંખ્યા એકસરખી મલતીજ છે.

રામચન્દ્ર સહિત આજદિન સુધીના જયપુર મહારાજા માનસિંહજી સુધી અવિચ્છિન્ન મળે છે. અને તે (૨૩૨) બસોને બત્રીસ પેઢીઓ થાય છે.

શાસ્ત્ર સિદ્ધ કલિયુગ ૪૮૦૦ વર્ષનો છે, આજ સુધિ ૪૭૯૬ વર્ષો થયાં છે. ગતદ્વાપર ૩૬૦૦ વર્ષોનો હતો, તે પહેલાં ત્રેતાનો સંન્ધ્યાંશ ૪૦૦ વર્ષો હતાં જેમાં ભગવાન રામ હતા. કૂલ વર્ષ ૪૭૯૬+૩૬૦૦+૪૦૦=૮૭૯૬ વર્ષ થયાં એટલો સમય રામચન્દ્રને થયો, તેમાં રામ સહિત બસોને બત્રીસ રાજાઓની પેઢીઓ થઇ છે તેજ વાત પરમ સત્ય છે.

पुष्पं पुष्पे यदाराजन् फले वा फलमाश्रित।
प्रजास्यति महाराज तदा संक्षेप्स्यते युगम्॥

જ્યારે પુષ્પમાં પુષ્પ આવે તથા ફૂલમાં ફૂલ આવે ત્યારે યુગ-

ક્ષય થાય છે. બિહારમાં ઝંઝાપુર સ્ટેશનમાં બીજા ફળના ઝાડમાં રીંગણાં આવ્યાં હતાં અને અનેક જગાએ એક પુષ્પમાં બીજી જાતનાં પુષ્પ આવેલાં જોયાં છે.

આથી મ્હારો અંતરાત્મા વારંવાર સૂચના કરે છે, કલિયુગનો અંત અતિ નજીક આવી ગયો છે.

ज्योतिषशास्त्र प्रमाण

સૂર્યસિદ્ધાન્ત જ્યોતિષશાસ્ત્ર પ્રમાણુઃ—

सन्ध्या सन्ध्यांश सहितं विज्ञेयंतच्चतुर्युगम् ।
कृतादिनां व्यवस्थेयं धर्मपाद व्यवस्थयः ॥

સન્ધ્યા અને સન્ધ્યાંશ સહિત સત્યયુગ આદિ ચાર યુગ જાણો. અને તેની ક્રમ વ્યવસ્થા પણ ધર્મના પાદ—ચરણ પ્રમાણે કરવી.

युगस्य दशमो भागश्चतुस्त्रि दव्येकेगुणा ।
क्रमात्कृतयुगादिनां षष्ठांशः सन्ध्ययोःस्वकः ॥

ચાર યુગનો એક યુગ ગણાય છે અને તેનો દશમો ભાગ ક્રમથી ચાર પાદનો સત્યયુગ, ત્રણ પાદનો ત્રેતાયુગ, બે પાદનો દ્વાપરયુગ, એક પાદનો કલિયુગ, ગુણવામાં ગણાય છે. અને તે પ્રમાણે છઠ્ઠો અંશ સંધ્યા અને સંધ્યાંશમાં ગણાય છે.

જેમ ચતુર્યુગી વર્ષ ૧૨૦૦૦ તેનો દશમો ભાગ ૧૨૦૦ અને તેમો છઠ્ઠો ભાગ ૨૦૦ તેમાં ૧૦૦ સંધ્યા અને ૧૦૦ સન્ધ્યાંશ થયો અને તે ૪ પાદ પુરો ધર્મ સત્યયુગ છે—તેનાં વર્ષ થયાં ૧૨૦૦ અને તેને ગુણતાં ત્રેતાનાં ૨૪૦૦, દ્વાપરનાં ૩૬૦૦ અને કલિયુગનાં ૪૮૦૦ એ પ્રમાણે ગણાય છે.

સિદ્ધાન્ત શિરોમણિ જ્યોતિષશાસ્ત્ર પ્રમાણ—

જગ પ્રસિદ્ધ ભાસ્કરાચાર્ય લખે છે—

खखाभ्र दन्त सागरै युगाग्नि युग्म भूगुणैः ।
क्रमेण सूर्यवत्सरै कृतादयो युगांघ्रयः ॥

અનુક્રમે સત્યુગ,	ત્રેતા,	દ્વાપર,	કલિયુગ
૪	૩	૨	૧ ગુણમાં દિવસો
૪૩૨૦૦૦	૮૬૪૦૦૦	૧૨૯૬૦૦૦	૧૭૨૮૦૦૦ છે.

તેને ૩૬૦ ભાગ લ્યો તો સત્યયુગાદિ વર્ષ—

૧૨૦૦	૨૪૦૦	૩૬૦૦	૪૮૦૦ થાયછે.

સૂર્યસિદ્ધાન્ત ૧/૧૫.

तद्द्वादश सहस्राणि चतुर्युग मुदाहृतम् ।

તે ચાર યુગનાં બાર હજાર વર્ષ કહ્યાં છે.

પ્રાચીન ધર્મશાસ્ત્ર અને પુરાણનાં પ્રબલ પ્રમાણ:—

મનુસંહિતા અધ્યાય એક, મહાપુરાણ ભા. ૩, ૧૧, ૧૯, વિષ્ણુપુરાણ, અને મહાભારત, અનુભાગવત, કલ્કિપુરાણ ૩, ૫, ૧૨, ૩.

द्वादशाब्द सहस्रेण देवानां च चतुर्युगम् ।
चत्वारि त्रीणि द्वे चैकं सहस्र गणितं मतम् ॥
तावच्छतानि चत्वारि त्रीणि द्वे चैक मेव हि ।
सन्ध्याक्रमेण तेषान्तु सन्ध्यांशोऽपि तथाविधः ॥

બાર હજાર વર્ષની ચતુર્યુગી થાય છે, તે દેવોનો એક યુગ ગણાય છે.

યુગ—	સત્ય	ત્રેતા	દ્વાપર	કલિ
વર્ષ—	૧૦૦૦	૨૦૦૦	૩૦૦૦	૪૦૦૦
સંધ્યા—	૧૦૦	૨૦૦	૩૦૦	૪૦૦
સંધ્યાંશ—	૧૦૦	૨૦૦	૩૦૦	૪૦૦

એવી ગણત્રિ વ્યાસ મહર્ષિ સંમત છે.

એક હજાર ચતુર્યુગીનો બ્રહ્માનો દિવસ થાય છે. તેના મનુષ્ય વર્ષ એક કરોડ અને વીસ લાખ થાય છે. તેને સૃષ્ટિ સંવત કહે છે. તેના દિવસ ચાર અબજ અને બત્રીસ કરોડ થાય છે. અને તેટલીજ બ્રહ્માની રાત્રીને પ્રલય કહેવાય છે. તે બ્રહ્માને પચાસ વર્ષ થયાં છે. તેમનો સો વર્ષનો આયુષ્ય છે. તેમાં એકાવનમા વર્ષનો પ્રથમ દિવસ છે. તેમાં ઓગણત્રીસમો સત્યયુગ વિક્રમ સંવત બેહજાર અષાડ વદ અમાવાસ્યાએ શરૂ થાય છે.

नव प्रकारनां वर्ष.

સૂર્યસિદ્ધાન્ત ૧૩/ પ્રમાણુઃ—

બ્રહ્માવર્ષ જેને સૃષ્ટિસંવત્સર કહે છે. દિવ્યવર્ષ સૂર્યની ઉત્તર દક્ષિણની ગતિની ૩૬૦ દિવસનું છે. પિતૃવર્ષ મનુષ્યના એક માસનું થાય છે. પ્રજાપતિવર્ષ એક સર્ગસૃષ્ટિનું છે.

ગુરૂવર્ષ મનુષ્યનાં ૧૨ વર્ષનું છે. સૌરવર્ષ ૩૬૫ દિવસનું છે.

સાવનવર્ષ-સૂર્ય ઉદયથી આગળ સૂર્યોદય સુધી દિનરાતનું છે.-એજ સૂર્યવત્સર, સૂર્યાબ્દ, દિવ્યવત્સર, દિવ્યવર્ષ કહેવાય છે.

દિવ્યવર્ષનો પ્રસંગાનુસાર અર્થ થાય છેઃ—

દિવ્ય ૧૪ વર્ષનો સ્વલ્પ રામવનવાસ ૩૬૦ દિવસના વર્ષનો છે. અને હજારો કે લાખો વર્ષની ગણત્રી હોય ત્યાં વર્ષ એક દિવસનું ગણાય છે.

સૌરવર્ષ-૩૬૫ દિવસનું છે. તેનો આરંભ સંક્રાંતિથી છે. અને તે કેવલ યજ્ઞ તથા કર્મકાંડમાંજ લેવાય છે બીજે નહિ.

ચાન્દ્રવર્ષ-તિથિઓના હિસાબથી ૩૫૪ દિવસનું છે.

નક્ષત્રવર્ષ-બાવન ઘટી ૪૫૪ પલનું થાય છે.

सप्तर्षि प्रमाण : कलियुग पुरो थाय छे.

મહાપુરાણ ભાગવત સ્કન્ધ ૧૨, અ૦ ૨.

જ્યારે સપ્તર્ષિઓ મઘાનક્ષત્રમાં આવ્યા ત્યારે કલિયુગ પ્રવર્ત્યો અને જ્યારે મઘાથી પૂર્વા ષાઢામાં આવ્યા ત્યારે કલિયુગ વૃદ્ધિ પામ્યો. "तिष्ठन्त्यब्द शतं नृणाम्" આકાશમાં ઉદય પામેલા તે સપ્તર્ષિઓ એક નક્ષત્રમાં મનુષ્યોના સો વર્ષ સુધી રહે છે.

મઘાથી રેવતી સુધી અઢાર, અશ્વનીથી રેવતી સુધી સત્તાવીસ, અશ્વિનીથી કૃત્તિકા સુધી ત્રણ, ૧૮+૨૭=૪૫+૩=૪૮ નક્ષત્ર થયાં તે અડતાલીસો ૪૮૦૦, કલિયુગનાં વર્ષો વિક્રમ સંવત ૨૦૦૦ ના અષાડ વદ અમાસે મધ્યાન્હે સંપૂર્ણ થાય છે.

महापुराण श्रीमद् भागवत प्रमाण

ભા૦ સ્કન્ધ ૧૨, અ૦ ૧ શ્લોક, ૩૯ સુધિમાં

તુરુષ્ક, ગુરુંડ, મૌન, શૃંગ વગરેનું વર્ણન કરી ૪૦ માં મહર્ષિ વ્યાસમુનિ લખે છે—

"तुल्य काला इमे राजन्"

શુકદેવમુનિ કહે છે–હે પરિક્ષિત રાજા! એ બધા રાજા એકજ સમયમાં થશે.

ભાગવત સ્કન્ધ બાર, અધ્યાય એક, શ્લોક ૩૦ માં લખ્યું છે કે "दश गुरुण्डाश्च" भविष्यन्ति" ગોરા દસ રાજાઓ થશે. સંસ્કૃતમાં અંગ્રેજ જાતિને ગુરૂંડ કહે છે. ગુરૂંડ જાતિના સિલસિલા સૂફિયાના પુત્ર જોર્જ અન્વયથી સન્ ૧૭૧૪ ઇસ્વીથી ચાલે છે એની ગણત્રી આ પ્રકારે છે.—

(૧)	જ્યોર્જ દીફર્સ્ટ	સન્	૧૭૧૪ ઇસ્વી.	થી	૧૭૨૭ ઇસ્વી.	સુધી
(૨)	જ્યોર્જ દીસેકિંડ	,,	૧૭૨૭	,,	૧૭૬૦	,,
(૩)	જ્યોર્જ દીથર્ડ	,,	૧૭૬૦	,,	૧૮૨૦	,,
(૪)	જ્યોર્જ દીફોર્થ	,,	૧૮૨૦	,,	૧૮૩૦	,,
(૫)	વિલિયમ દીફોર્થ	,,	૧૮૩૦	,,	૧૮૩૭	,,
(૬)	ક્વીન વિક્ટોરિયા	,,	૧૮૩૭	,,	૧૯૦૧	,,
(૭)	એડવર્ડ દીસેવન્થ	,,	૧૯૦૧	,,	૧૯૧૦	,,
(૮)	જ્યોર્જ દીફિફ્થ	,,	૧૯૧૦	,,	૧૯૩૫	,,
(૯)	એડવર્ડ દીએટથ	,,	૧૯૩૫	,,	૧૯૩૬	,,
(૧૦)	જ્યોર્જ દીસિક્સ્થ	,,	૧૯૩૬	,,	૧૯૪૦	

વર્તમાન આ બાદશાહ પોતેજ દસમા ગુરુંડ છે. જેઓની સંખ્યા ઈંગ્લાંડના ઇતિહાસમાં સન સાથે આપેલી છે. એજ સંખ્યા મહર્ષિ વ્યાસમુનિએ લખેલી ભાગવતમાં મળતી છે.

સત્યયુગ દર્શનમાં ભાવિ સંવત ૧૯૯૬ થી ૧૯૯૮ મહા વિશ્વયુદ્ધ જણાવ્યું છે એ વર્ષમાં લંડન પર મોટી આફત આવશે. જલથી મોટો ભય થશે. તે સમયે વર્તમાન દુનિયાના ઘણા બાદશાહ નહિજ હોય. જાપાન, જર્મન, ફ્રાન્સ, ઇટાલી, તુર્કી, અમેરીકા, અરબ, વિગેરે ઘણા દેશ નષ્ટપ્રાય થશે. કોઈ સ્થળે સમુદ્ર ફરી વળશે વગેરે અનેક પરિવર્તન થવાનું છે. પછી કલ્કિ ભગવાનની કૃપાથી સર્વત્ર શાન્તિ સ્થાપન થશે. એટલા માટે સર્વ લોકોએ આનંદ શાંતિથી રહી પરંબ્રહ્મની અનન્ય ભક્તિનો આજથીજ આરંભ કરી દેવોજ જોઇએ.

विष्णुपुराण प्रमाण.

इत्थं कलौ गतप्रायो जनेषु खर धर्मिणि।
धर्म त्राणाय सत्वेन भगवानवतरिष्यति ॥

એ પ્રમાણે કલિયુગમાં સર્વત્ર સર્વતત્વ ભ્રષ્ટનષ્ટ પ્રાય થઇ જશે અને મનુષ્યો દુરાચારી થશે, ત્યારે ભગવાન વિષ્ણુ કલ્કિ અવતાર પ્રગટ થશે.

दण्डीकवि कहे छे के:—

ननु वक्तु विशेष निःस्पृहा गुण गृह्या वचने विपश्चितः।

સજ્જનો વિદ્વાનો હંસ, ભ્રમર, પેઠે વચનમાંથી સાર ગ્રહણ કરે છે. અને વિશેષ વાતોથી વિરામ લે છે.

शकनिर्णय दर्शन

युधिष्ठिरो विक्रम शालिवाहनौ ततो नृपः स्याद्विजयाभिनन्दनः।
ततस्तुनागार्जुन भूपतिः कलौ कल्कि षडेते शक कारकाः स्मृताः॥

યુધિષ્ટિર, વિક્રમ, શાલિવાહન, વિજ્યાભિનંદન, નાગાર્જુન, કલ્કિ, એ છ કલિયુગમાં શક પ્રવર્તક થશે. આ શ્લોક કોઇનો મનકલ્પિત છે. કેમકે કેવલ શાલિવાહન શક જાતિના હતા, એમના સંવતને શાકા કહે છે. બાકીના યુધિષ્ટિર વગેરેના કેવલ સંવત કહેવાય છે.

યુધિષ્ટિરનો સંવત્ ૩૦૪૪ નો, વિક્રમનો ૧૩૫ નો, શાલિવાહનનો ૧૮૦૦૦ નો, વિજયાભિનંદનનો ૧૦૦૦૦ નો, નાગાર્જુનનો ૪૦૦૦૦ નો, અને કલ્કિનો ૮૨૧ નો સંવત છે? સત્ય પ્રેમી સજ્જનો!

ઉપરના શ્લોકમાં ઉપર બતાવેલી વર્ષ સંખ્યાઓ ક્યાં છે? જાણે કોઈ પદ્ધત મૂર્ખ ધૂર્તજન કલ્પિત હોય તેમ છે!

બીજી વાત એ છે કે વિક્રમ સંવત કુલ ૧૩૫ વર્ષનો લખ્યો છે અને એતો અત્યારે ૧૯૯૬ ચાલે છે. એ પ્રમાણે ભ્રાંતિમાં પડેલા કંઇ પંડિતોએ યુગ વિષયમાં લાખો વર્ષો સિદ્ધ કરવા માટે ભારે ગરબડ કરી રાખી છે!

યુગપરિવર્તન આવે પાસે, પાછળથી પસ્તાવો થાશે;
સ્વરૂપ બ્રહ્મનું ધ્યાન ધરજો, નિવૃત્તિથી નિત્યે રહેજો.

महाघोर ग्रहण योगः

કલિયુગના અંતમાં બે મહાન ગ્રહણ થશે. સુપ્રસિદ્ધ જ્યોતિષ શાસ્ત્રનું પાંચ વર્ષનું પંચાંગ પ્રમાણ. કર્તા–અનંત પંઢરીનાથ શાસ્ત્રી બને, શકે ૧૮૫૯ કિંમત રૂ. ૨–૦–૦. પતા–ગિરગાંવ, અમૃતવાડી, મુંબઈ ૪. કાશીના દશ વર્ષીય પ્રસિદ્ધ પંચાંગમાં પણ તેવી જ રીતે મલતું છે દઢ નિશ્ચય દેખો.

એ પંચાંગમાં—સંવત ૨૦૦૦ અષાડ વદ અમાસનું સૂર્યગ્રહણ છે. શ્રાવણ સુદ પૂનેમનું ચંદ્રગ્રહણ છે. બેઉ ગ્રહણમાં ભારે અંધકાર થશે.

સંવત ૨૦૦૦ અષાડ વદ અમાસ ને રવિવાર તા. ૧–૮–૪૩ ના દિવસે સૂર્ય, ચંદ્ર, ગુરુ, પુષ્ય નક્ષત્રમાં કર્ક રાશીના ચોથા ચરણમાં એકસાથે ભેગા થાય છે. તે સત્યયુગનો પ્રારંભ સિદ્ધ કરે છે.

પ્રમાણ:—કલ્કિ પુરાણ અંશ ત્રણ અધ્યાય ૭/૧૦.

કલ્કિ ભગવાન સંવત ૧૯૯૯ ના વૈશાખ સુદ બીજે સુપ્રસિદ્ધ થશે. તેમના અંગથી દીવ્ય સુગંધ આવશે તેથી બ્રહ્માંડનો દુર્ગંધ વાયુ શુદ્ધ થશે. સર્વનાં મન બ્રહ્મસ્વરૂપમાં આનંદ પ્રકાશ પામશે.

સંવત ૧૯૯૬ થી ૧૯૯૮ સુધીમાં સકલ સંસાર શો
દુઃખ સાગરમાં મનુષ્ય, પશુ, પક્ષી, પ્રાણી માત્ર અન્ન, જલ, ધા
વિના નાશ થશે.

૧૯૯૮ માં કલિયુગ જગત્સંહાર કરી પોતે ક્ષય પામશે.

સંવત બે હજાર સુધીમાં મહાપરિવર્તન પુરૂં થશે.

धर्मचरण चतुष्टय

कृते प्रवर्तते धर्मश्चतुष्पात्तज्जनैधृत: ।
सत्यं दया तपो दान मितिपादाविभोर्नृप ॥

હે રાજા! મનુષ્યોએ ધારણ કરેલો ધર્મ સત્યુગમાં સ
દયા, તપ, દાન એ ચાર પાદ (ચરણ) વાળો છે. અને ત્રેતામાં દય
તપ, દાન અને દ્વાપરમાં તપ, દાન તથા કલિયુગમાં કેવલ દા
ધર્મજ રહે છે. (મહાપુરાણ ભાગવત, મનુ, પરાશર, ધર્મશાસ્ત્ર.)

चीननो भेदी भयंकर प्रदेश सेन्सी

સાપ્તાહિક મુંબઇ સમાચાર તા. ૨૭-૧-૧૯૩

સેન્સી જમીનમાં ભોયરાં ખોદી રહેનાર પ્રજાના બીહામ
મુલકનું જર્મન વીમાનીએ કરેલું આકાશ દર્શન-વિમાનમાં
લીધેલા બે દ્રશ્યો. અમેરીકા, આફ્રીકા, અને ચીનના વિશાળ પ્રદેશ
કેટલાક આંતરભાગો કોઈ પણ પરદેશી મુસાફર ભેદી શકયો ન
ત્યાંના ઇતિહાસ, ભૂગોળ, કે પ્રજાની રીતભાત સંબંધમાં આપ
કંઈ પણ જાણતા નથી. વીમાનની શોધ થયા પછી આવા અજ્ઞે
દેશો ઉપર આકાશમાં ઉડી કેટલીક વીગત રજુ કરી શકયા છે.

ત્રણુસો ફીટ ઉંચે રહેલા વીમાનમાંથી આ ભામડાઓ સ્પસ્ટ રીતે જોઇ શકાય છે. સપાટ જમીનમાં સમચોરસ કુવાઓ પંદર ફીટ ઉંડા ખોદેલા હોય છે. તેની પાસે પગથીયાવાળાં અંધારાં ભોંયરાં જણાય છે. સગવડ પ્રમાણે ત્રણુચાર ઓરડા ખોદેલા હોય છે, તેનાં દ્વાર ચોરસ કુવાની દીવાલમાં હોય છે. બાજુનાં પગથીઆઓથી કુવાને તળીએ પહોંચી ઓરડાઓમાં જવાય છે. આ ભોંયરા રૂપી ઘરમાં સૂર્યનો પ્રકાશ ને હવા અજવાળું આવે છે, ઉનાળામાં ઠંડક રહે છે, ચોમાસામાં રક્ષણ રહે છે, શીયાળામાં ગરમી રહે છે.

ભયંકર તાપ, ભયંકર ઠંડી હવા, અને ભયંકર ઉડતી રેતીની આંધીઓ જે એક કલાકમાં સાઠથી દોઢસો માઇલની ગતીએ આક્રમણ કરે છે. ઉડતી રેતીમાં ઉભો માણસ અડધા કલાકમાં ઠરતી રેતીમાં દટાઇ જાય છે. તે સર્વ ઉપદ્રવોથી સદા ભોયરામાં પ્રજાનું રક્ષણ થાય છે.

भक्तराज सूरदासनो सिद्ध डंको !

અરે મન ધીરજ ક્યોં ન ધરે,
મેઘનાદ રાવણકા બેટા સોપુની જન્મ ધરે.
પૂરવ પશ્ચિમ દક્ષિણ ઉત્તર ચહોં દિશ કાલ પરે,
અકાલ મૃત્યુ જગમાંહિ વ્યાપે પ્રજા બહુત મરે,
દુષ્ટ દુષ્ટકો એસા કાટે, જેસે કીટ જરે.
એક સહસ્ર નૌસોસે ઉપર એસા યોગ પરે,
સહસ્ર વર્ષતક સત્યયુગ બીતે ધર્મકી બેલ બઢે.
સ્વર્ણ ફૂલ પૃથ્વી પર ફૂલે પુનિ જગ દશા ફિરે,
સૂરદાસ યહ હરિકી લીલા ટારી નહિ ટરે.

पांच वर्षनुं भविष्य दर्शन

સંવત ૧૯૯૫—કવખતે વરસાદ, પાકને હાની, ઘાસની તાણ, પાણીની તાણ, જાનવરોની હાની, મહાઉત્પાત, મોટી ઉથલપાથલ, પ્રજાને પીડા, ચોર-ધાડનો ભય, દુઃખ, ક્રાંતિનો કાલ પ્રગટ થશે.

સંવત ૧૯૯૬—વિશ્વયુદ્ધની વૃદ્ધિ, પ્રજાને પીડા, બ્રહ્માંડ ડોલે તેવી દુનિયાની ભયંકર સ્થિતિ. મુશલ યોગ છે—મુશલ-સાંબેલાથી જેમ પદાર્થ છીન્નભિન્ન થાય છે: તેમજ સર્વ સંસાર પારાવાર છીન્નભિન્ન થશે. અપાર મુંજવણ, ગભરામણ, કચરામણમાં પડશે.

સંવત ૧૯૯૭—જેઠ સુદમાં તેર દિવસનું પક્ષ છે. જગત-સંહાર યોગ છે. દુષ્કાળ, દુઃખ, ભુખ, રોગ, મનુષ્ય, પશુઓનો નાશ છે. તેરહ દિનકા પક્ષ હૈ, નાશ હોવે સબ લોક. દુનિયા લોહીથી ખરડાશે, મનુષ્યો મરકીથી મરી જાશે.

> કાલ પડે સબળે જગમાંહી, રૂંડ મુંડ હો સઘળી મહી:
> છત્ર ભંગ અરૂ હાહાકાર, ક્ષય હોવે સબહી નરનાર.

સંવત ૧૯૯૮—અપાર ભયંકર ઘોર દુઃખ દુનિયાં અનુભવશે. કંઇ દેશ ધરતીકંપ અને દરિઆમાં ડુબશે. કલિયુગ પુરો થઇ નાશ પામશે. મનુષ્ય, પશુ, પક્ષી સર્વનો મહા નાશ થશે. જેની દુર્ગંધથી બ્રહ્માંડનું વાયુમંડલ દુર્ગંધમય થઈ જશે. આ વર્ષમાં પ્રથમ જેઠ માસ પુરૂષોત્તમ માસ છે.

સંવત ૧૯૯૯—કલ્કિ ભગવાન પધારશે. જેઓના શરીરથી દીવ્ય સુગંધ પ્રગટ થશે તે બ્રહ્માંડના વાયુમંડલને શુદ્ધ કરશે. જેઓને દર્શન થશે તે સ્ત્રી, પુરૂષો, બાલકો અને વૃદ્ધો મટી યુવાન મહાબલવાન વિશાલ સૌન્દર્યવાન થશે. મહા આશ્ચર્ય પ્રગટ થશે. એ જગતનું પરિવર્તન જોવાને ભાગ્યશાળીઓ જ જીવતા રહેશે.

संवत २०००—कार्तिक मासमां तेर दिवसनुं पक्ष छे. १९९७ ना जेवुं तेनुं फल छे. जगत्संहार योग छे. घोर दुष्काल, महा त्रासनाश छे. जे बचे ते सत्यमुनि कहेवाशे.

तेरह दिनका पक्ष है, नाश होवे सब लोक;

देखो दुनियां दोरंगी

दैवी अने आसुरी बे प्रकारनी दुनिया छे.

दैवी—सत्यप्रेमी शोधक विचारशील अने पोतेज सार ग्रहण करी शके छे.

आसुरी—असतप्रेमी जड मोहान्ध दंभ पाखंडवंत अविचारी पराधीन अंधश्रद्धामां अथडाय छे.

युग आयुष्य छे हजार वर्षनुं, पण लाखो वर्षनुं लेखे छे.
वेदशास्त्र पुरांणु नहि माने, मन कल्पित मनावे छे.
कलियुग पुरो थइ गयो छे, ते पारणे झुले बतावे छे.
स्वार्थी अडीयेल भेगा थइने, वितंडवात चलावे छे.
हेतुक तर्क करी लोकोने, भुलीने भरमावे छे.
परिवर्तन प्रत्यक्ष जोइने, मनमां महा मुन्जाये छे.
दैवाधीन बनी मनवाळे, सुज पडे नहि दीलमां ज्यारे.
भण्या गण्या ते बहु भरमाये, भ्रांति शंशय मांहि फसाये,
पढत मूर्खने सहज मूर्खने, श्रद्धा नहि सत्य शोधनमें.
समजे ते तो लेशे सार, गाफल नर तो खाशे मार.
सत्ययुग वांची चेतन थशे, ते पाखंड पापथी बची जशे.

महायज्ञोमां आशीर्वाद

સનાતન ધર્મગુરુ શ્રી હરેરામ બ્રહ્મર્ષિં મહારાજ

જેઓના મહાયજ્ઞોમાં વિદ્યા તપ સમ્પન્ન વિપ્રોના આશીર્વાદ.

તેજ આ બ્રહ્મર્ષિં મુખ્ય, પંડિતજનોએ જેમને માન આપેલું છે એવા અને પોતાના સદાચરણથી જગતમાં વેદ ધર્મનો પ્રકાશ કરનાર અને ઉપદેશની પવિત્ર વાણીથી અજ્ઞાની જનોના મનો મલને શુદ્ધ કરનાર તથા સજ્જનોને પણ અનુકરણ કરવાલાયક વર્તનવાળા, પૃથ્વીને તિલકની માફક શોભા આપનાર શ્રી હરેરામ બ્રહ્મર્ષિં મહારાજ આકાશમાં ચન્દ્રમંડલ તથા તારાઓ રહે ત્યાં સુધી દીર્ઘાયુષ્ય ભોગવનારા થાઓ.

સર્વદા સભામાં ઉત્તમ ભક્તોના અંતરના અજ્ઞાન મોહને દૂર કરવામાં વિવેક દક્ષ, વેદાન્તશાસ્ત્રના અનેક પ્રવચનોથી આત્મજ્ઞાનના પ્રચારક, ધર્મ, દાન, સત્કર્મ કરવામાં સિંહ સમા પ્રભાવશાલી, પરાક્રમી એવા શ્રી હરેરામ બ્રહ્મર્ષિં મહારાજ ભૂમંડલને વિષે સદા વિજય પામો.

વિદ્વાન અને પરબ્રહ્મનું આરાધન કરવામાં કુશલ એવા બ્રહ્મર્ષિંએ અનેક સમયે અનેક મહાયજ્ઞો કરીને તેમાં વૈદિક બ્રાહ્મણોને સન્માન તથા દાન વગેરેથી સંતોષ આપેલો છે.

ભક્તિવાળા બ્રહ્મર્ષિંએ સારી શ્રદ્ધાથી જેમનું પૂજન કર્યું છે એવા પરબ્રહ્મ તેમની ઇચ્છા પ્રમાણે સર્વ સિદ્ધિ આપનાર થાઓ.

आदर्श जीवन ब्रह्मर्षि

આદેશ ઉપદેશઃ—બ્રહ્મધ્યાન, પ્રણુવગાન કરો !

ઉદ્દેશઃ—લોકકલ્યાણ, સત્યનો પ્રકાશ અને પ્રચાર !

જીવન પરિચયઃ—

જ્ઞાતિ-ખંભાતિ ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ, ગોત્ર શાંડિલ, શાખા માધ્યંદિની શુકલ યજુર્વેદં.

જન્મ સમય-સંવત ૧૯૪૭ વૈશાખ સુદ તેરસ ગુરુવાર.

આશ્રમ-ખંભાત બોરીઆપાડો, અને અમદાવાદ, સારંગપુર, પંડિતજીની પોળ, ઋષિઆશ્રમ.

પાંચમે વર્ષે બ્રહ્મચર્ય દીક્ષા વ્રતં,
વેદવેદાંગ અનેક શાસ્ત્ર જ્ઞાન સંપાદનં;
અ મૃ ત વ્ર ત ધા ર ણું.
" અમૃતં યદ્ અયાચિતં "
" યદૃચ્છા લાભ સંતુષ્ટઃ "

હિન્દુ સનાતન ધર્મ પ્રબોધક પ્રચારક બ્રહ્મર્ષિ ગ્રન્થમાલા પ્રકાશનં, નર્મદા અમર કંટક તપશ્ચર્યા, તીર્થાટનં.

પોતાના ઋષિ આશ્રમસ્થ અનેક બ્રહ્મચારીઓને દીક્ષા શિક્ષા વિદ્યા પ્રદાન સર્વ પોષણું.

ગુજરાત, સૌરાષ્ટ્ર આદિ અનેક દેશ ગ્રામ નગર પર્યટનં;
મહાસભાઓ ભરી જનતામાં ધર્મ ઉપદેશ સત્ય જાગૃતિ કરણું.
લક્ષાવિધિ ગ્રંથ દાન પ્રચાર સમર્પણું;
એકસો છત્રીસ ધર્મ ગ્રંથ પ્રકાશનં.

પ્રવચન સંવાદથી પાખંડ મત પંથ ખંડનં;
ગૃહસ્થાશ્રમ અગ્નિ હોત્ર દીક્ષા ગ્રહણું.
સતી મહાદેવી સહ અનેક અતિ રૂદ્ર મહા યજ્ઞ કરણું;
માતાજી વિષ્ણુ દેવીને સત્કર્મોથી સંતોષ પ્રદાનં.
સ્તમ્ભતીર્થમાં પુત્ર ગુરુદેવને બ્રહ્મચર્ય દીક્ષા;
પુત્રિ આનંદાદેવી કન્યાદાન સમર્પણું.
તપ સંયમાર્થં નર્મદા તપોવન ગમનં;
કમલવન ક્ષેત્રમાં એકાદશ અતિરૂદ્ર મહાયજ્ઞ.
મહાદેવ મખ, બ્રહ્મ મખ, શ્રી મખ;
અનેક મહાયજ્ઞ પૂર્ણતા કરણું.
વિશ્વ લલાટ લેખ પઠન સામર્થ્યં;
તપશ્ચર્યાર્થં હિમાલય તપોવન ગમનં.
દેવ દર્શનં યુગ પરિવર્તન સૂચનં;
સત્યયુગ દર્શનં, પ્રકાશન પ્રચારણું.
ધર્મ ભક્તિવર્ધકં સજ્જન સમુહ જાગ્રતં;
નિવૃત્ત શાંત ભજના – નંદોભવ.
ઈતિ ઈશ્વરી આદેશ પાલનં. ઓં ! ! !

સંવત ૧૯૪૭ થી સંવત ૧૯૯૬ સુધીમાં પ્રકાશ મહોદયં.

सनातन धर्मगुरुश्री हरेराम ब्रह्मर्षि महाराजनो उद्देश, परिचय.

(૧) પોતાના ઋષિ આશ્રમમાંથી હિન્દના અનેક પ્રદેશમાંની ધાર્મિક સંસ્થાઓમાં, સંસ્કૃત પાઠશાલાઓમાં, વિદ્યાર્થીઓને, બ્રહ્મચારીઓને, કન્યાઓને, સંન્યાસીઓને નિરાધાર વર્ગને ત્રીસ વર્ષથી સ્વાશ્રયીજીવનમાં, અમૃતવતથી, નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, અમૂલ્ય ગ્રન્થરત્નોનો દાનયજ્ઞ પ્રવાહ અવિચ્છિન્ન ચાલુ રાખ્યો છે.

(૨) પોતાની ઇચ્છાથી તથા જીજ્ઞાસુ, મુમુક્ષુ, ભક્ત સજ્જનોના આમંત્રણથી દેશના દરેક પ્રદેશમાં જનતાને હિન્દુસનાતન વેદધર્મના સિદ્ધાન્તોનો પુસ્તકોથી પ્રવચનોથી ઉપદેશ આપી ધાર્મિક પરંપરાનો પ્રચાર અને સંરક્ષણ કરે છે.

(૩) સ્વાત્મબલથી દેશના વિદ્વાન્ વિપ્રોને સાદર આમંત્રણ કરી અનેક મહાયજ્ઞોથી દેશના અનેક પવિત્ર સ્થલોમાં પરંબ્રહ્મનું યજન કરી જનતામાં આદર્શ સન્માર્ગદર્શક બને છે.

(૪) હિમાલય, વિન્ધાચલ, નીલગિરિ, ગંગા, નર્મદા, તપોવનમાં અનેક અરણ્યોમાં તપશ્ચર્યાથી પ્રાપ્ત અનુભવોનો અધિકારી વર્ગને લાભ આપે છે.

(૫) દૈવી બલવાળા આદર્શ બ્રહ્મચારીઓને દીક્ષા શિક્ષાથી તૈયાર કરવા બ્રહ્મર્ષિ મહારાજ સદ્દભાવ ધરે છે.

साक्षात् देवता दर्शनम्

विश्वको देदो खबर हो गया अवतार भगवानका।
पापनाशक धर्मरक्षक आ गये संसारका ॥

શ્રી. યોગેન્દ્ર બાલબ્રહ્મચારી ગુરૂદેવ સાથે બ્રહ્મર્ષિ મહારાજ હિમાલય તપોવન, રેવા તપોવન, કમલવનમાં તીવ્ર તપશ્ચર્યા પૂર્ણ કરી ત્યાં દેવો, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, અનેક દેવીદેવતા પરમબ્રહ્મનો દર્શન સાક્ષાત્કાર અને વિશ્વના લલાટ લેખ દર્શન પ્રગટ થયું તે ગુપ્ત અનુભવાનંદ અનુભવ કર્યા પછી તે લાભ જાહેર જનતામાં સમર્પણ કરવા નિશ્ચય ધર્યો. તે સમયે ઇશ્વરી આદેશ થયો કે આ સર્વ સમાપ્ત થાય છે યુગપરિવર્તન સમીપ છે માત્ર ભજન કરો. અને કલિ સમાપ્ત અને સત્યયુગ પ્રારંભ વિષય જાણો છો તે દુનિયાંને જાહેર કરો. બ્રહ્મા, યમ, કલિયુગ, સત્યયુગ, હાલ દ્રષ્ટિગોચર બિરાજે છે અને જે આજ્ઞા થઈ છે તેજ આ નૂતન સત્યયુગ દર્શનમ્ છે અને તેને વેદશાસ્ત્ર પુરાણ, સત્પુરૂષોના સિદ્ધ પ્રમાણોથી સત્ય દર્શન કરાવ્યું છે! વાંચી વિચારી મનમાં ધારી, વર્તનમાંહિ ઉતારો રે.

ईश्वर अनुभवगम्य छे, अनुभवी ईश्वररूप छे.

અખા અનુભવી ઇશ્વર રૂપ, સાગર આગળ શું કુદે કૂપ.
અનુભવી આગળ વાદજ વદે, ઉંટ આગળ જેમ પાળો ખદે
ઉંટ તણાં આધાં મેલાણ, પાળાના તો છંદે પ્રાણ.
અનુભવીને એટલું આનંદમાં રહેવું રે,
ભજવા પરિબ્રહ્મ બીજું કાંઇ ન કહેવું રે,

ध्येयंब्रह्म गेयंप्रणवः सेव्योवंद्यो गुरुदेवः ।

सत्ययुग प्रचारक महासंघ

१ सनातन धर्मगुरु श्री हरेराम ब्रह्मर्षि महाराज
पता-देश गुजरात, अमदावाद सारंगपुर, पंडितपोळ,
"सत्ययुग दर्शन" का प्रचारकः-
गुजरात, कच्छ, काठिआवाड, मारवाड, मेवाड, निमाड, सिन्ध, आफ्रिका प्रभृति अनेक देशप्रदेशमें अनेकलक्ष पुस्तक सें और प्रवचनसें प्रचार कर रहे है.

२ स्वामी राजनारायण शास्त्री पंजाबसे "चेतावनी" लाखो प्रतिसे सत्ययुग प्रचार किया है.

३ इन्दोर राज्यके वेधशालाके सुप्रसिद्ध गणित ज्योतिषि पण्डित गोपीनाथ दीनानाथ शास्त्री चूलेटकरने "युग परिवर्तन" सें प्रचार किया है.

४ सत्ययुग आश्रम, बहादूरगंज इलाहाबादसें सत्ययुग मासीकसें प्रचार किया है.

५ काशी टेढिनिमसें पं. मदनमोहनजी प्रचार करते है.

६ बाया चाणोद, नर्मदा छोटीबडी पनोती रामनाथ महादेवके महंत स्वामीजी महाराज प्रचार करते है.

७ "नवयुग" लीलामन्दिर देवघर वैद्यनाथ धामसें प्रचार चलता है.

८ बद्रीकाश्रम निवासी पं. वाचस्पति शर्मा राज्य-ज्योतिषि दरभंगा सत्ययुग प्रचार कर रहे है.

९ श्री. बाबू उषापतिसिंहजी डिपुटी कलेकटर "सत्ययुग-आगमन" प्रचार किया है.
पता-पंचहीडचौढी पो. मधेपूर, जि. दरभंगा.

१० श्री खेलानाथ झा मुं. रैयाम पो. कोठिया जी. दरभंगा (बिहार) "कलियुग समाप्त होकर सत्ययुग आरंभ" प्रचार कर रहे है. और भी अनेक महाशय है!!

ब्रह्मर्षि ग्रन्थमाला-सूचीपत्र.

१	शांकर वेदान्त दर्शन ...	०—८—०
२	ब्रह्मविद्या दर्शन	०—४—०
३	योगविद्या दर्शन	०—४—०
४	उपनिषद् दर्शन	०—४—०
५	ज्ञानगंगा दर्शन	०—६—०
६	महादेव दर्शन	०—३—०
७	सत्यधर्म दर्शन	०—८—०
८	नूतन सत्ययुग दर्शनम् ...	०—३—०
९	स्त्री पुरुष धर्मदर्शन	१—०—०
१०	ब्रह्मर्षि गीता	०—८—०
११	भागवतमत दर्शन	०—१२—०
१२	सनातनधर्म अने महाराजोनो पंथ	१—०—०
१३	पाखंड धर्म खंडन	०—४—०
१४	पाखंड धर्ममत खंडन ...	०—८—०
१५	रामानुज मत खंडन ...	०—४—०
१६	तप्तमुद्रा पाखंड दर्शन ...	०—१—०
१७	धर्मधर्तींग दर्शन	०—६—०

पता—सनातन धर्मगुरु श्री हरेराम ब्रह्मर्षि महाराज

२१६९ ऋषिआश्रम, पंडितजीनी पोळ,

सारंगपुर—अमदावाद.

ज्ञानमन्दिर प्रि. प्रेसमां शंकरराय अमृतराये छाप्युं, रायपुर—अमदावाद.